બીજી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

=ટેબલ

થાર=લાકડાનું કામ રનાર

ઓ=છો ઇંટનું કામ રનાર

વું=ખુશબોથી બહેક બહેક થઇ રહેવું

પવન=વાનું વાવું.

વાસ=સુગંધ; પીમળ

ળાવ=જેની ચારે બાજુ જમીન અને વચમાં પાણી હોય તે.

પહાડ=મોટા ડુંગર

પાધર=ખુલ્લી જગો

ધર્મશાળા=મુસાફરોને વગર ભાડાની ઉતરવાની જગા.

વટેમાર્ગુ=મુસાફર

ઓસરી=ઓટલી

સુરજ=રવિ

અજવાળું=સુરજ દીવા વગેરેનો પ્રકાશ

ઘોર=બીક લાગે એવું

ઝગઝગે=પ્રકાશે

ઉજાસ=ઝાંખું અજવ

સરજ્યાં=બનાવ્યાં

કળાતું=સમજાતું

પાડ=ઉપકાર; આભાર

યાદ=સ્મ; સુરત

ઉપકાર=પાડ; આભાર

ભક્તિ=ભજન

સાર—દરરોજ ઇશ્વરની ભકિત કરવી.

પાઠ ૨ જો.

કવિતાના અર્થ

ર્ણન=હકીકત

વૈયા=ગાયન કરનાર

ધુર=મીઠું

ખેચર=પક્ષી

મર=ભમરો

લ્લાં=મુસલમાનનો ીમાજી; હોરાઓનો ધર્મગુરૂ

ન્ન=અનાજ

અંધકાર=અંધારૂં

મુજ=મારા

પંખી=પાંખવાળા જાનવર; પક્ષી

વન=જંગલ

વહાણું વાયું=સવાર થઇ

વીતી=ગઇ; પુરી થઇ

પુર્વે=પૂર્વ દિશામાં

ઝગઝગાટ=પ્રકાશ; તેજ

ભાતભાતના=તરેહવાર

દીસે=જણાય; દેખાય

પાન=પાંદડાં; પાંતરાં

કુકડા=મરઘા

મેના=એક જાતનું સુંદર પક્ષી

ફુટડા—રૂપાળા, શોભિત

તેજ=પ્રકાશ
ફીકું=ઝાંખુ
ઊડીગયું=જતું રહ્યું
કાળું=ઝાંખુ; ફીકું.
માઢું કાળું થયું=દેખાતાં બંધ થયા એટલે સંતાઇ ગયા
ખુણાખાંચા=ગલી કુંચી: છુપી જગા
ખોળે=શોધે
ભક્તજનો=ભગતો
ધ્યાન ધરે=આંખો મીચી પરમેશ્વરને જુએ
ગાન=ગાયન
દાતા=સખી, ઉદાર
દીયે=આપે
રૂડું=સારૂ, ઘણું
બાંગ=બૂમ પાડીને નિમાજ પઢવી તે; નિમાજ પઢવાને માટે બુમ પાડવી તે;
તણો=નો
ઉદય થયો=ઊગ્યો
કમળ=કમળનું ફૂલ
પત્ર=પાખડી
ખાસે=ઉઘડે. ખીલે
ઉમંગી=હોંસિલા
થાય=હો

ઢોર=ચોપગાં જાનવર· પશુ
ચારો=ખાવાનું.
વેલી=વેલા.
ધીમે ખીલે=ધીરે ધીરે ફૂટે
નહિભૂલ=વગર ચુકે;
તાજાં=તરતના ખીલેલા
ટોળે=ટોળાબંધ.
વીરા=ભાઇ.
મગન=ખુશી
કેરૂ=નુ
ધ્યાન=ચિત્ત; મન.

પાઠ ૩ જો.

વરસ=બાર મહીના
ઋતુ=મોસમ; રત
મહીનો=ત્રીસ દિવસ.
કારતક=હિંદુ વરસનો પહેલો મહીનો
તહેવાર=આનંદનોદિવસ
દાદાજી=બાપના બાપ અથવા માના બાપ
શિયાળો=ટાઢની મોસમ
ઉઠાડે છે=ચગાવે છે.
ઉતરાણુ=સંક્રાંત; સુરજનું ઉત્તર તરફ જવું તે.
રત=ઋતુ; મોસમ.
જાડા=ઘટ કુમાસના

મરમ=ફુંકાળાં
હોળી=ફાગણ સુદ પુનેમ
સુદ=અજવાળીઉં; મહીનાનું પહેલું પખવાડીઉં
વદ=અંધારીઉં; મહીનાનું બીજું પખવાડીઉં
પખવાડીઉ=પંદર દિવસ
અમાસ=હિંદુ મહીનાનો છેલ્લો દિવસ; જે દિવસે ચંદ્ર બીલકુલ ઊગતો નથી તે દિવસ.
તિથિ=દહાડો; દિવસ.
વસ્ત્ર=લુગડાં
ઝીણાં=પાતળા કુમાસનાં
પંખા=વીંજણા
ચોમાસું=વરસાદની ઋતુ
બળેવ=રક્ષા બાંધવાનો દિવસ; શ્રાવણ સુદ ૧૫; જનોઇ પહેરવાનો દિવસ.
દશેરા=રક્ષા છોડવાને દિવસ; આસો સુદ ૧૦
દિવાળી=હિંદુ વરસના છેલ્લા મહીનાનો છેલ્લો દિવસ; આસો વદ અમાસ.
પર્વ=તહેવાર;

સવાલ—વરસની ઋતુ કેટલી અને તે કઇ ? દરેક ઋતુ કેટ-લા મહીનાની અને તે મહીના કયા કયા? વરસના મહીના કેટલા ? મહીનાના દિવસ કેટલા? પખવાડીઆ કેટલા ? અને તે કયા કયા? પખવાડીઆના દિવસ કેટલા ? મહીનામાં પુનમ અને અમાસ કેટલી આવે ? મહીનામાં બીજી તિથિઓ કઇ કઇ આવે અને કેટલીવાર આવે ? શિઆળો ઉનાળો અને ચોમાસાને શેની મોસમ કહે છે ? દરેક ઋતુમાં કયા કયા તહેવાર આવે છે અને તે કઇ તિથિએ આવે છે ?

પાઠ ૪ થો.

મેળો=ઘણા માણસો અને ગાડી ઘોડા વગેરેની ઠઠ

ગોકળ આઠમ=શ્રાવણ વદ આઠમ; જન્માષ્ટમી.

કડકડતાં=અણીવાળાં

ભાઇબંધ=દોસ્તદાર.

ઠઠ=ગીરદી; ભીડ

વખુટા=જુદા,

દુકાન=માલ વેચવાનું ઠેકાણું.

કંસાર=તાંબા પિત્તળના વાસણ બનાવનાર અથવા વેચનાર.

તાંબું=લાલ રંગનીધાતુ

પિત્તળ=તાંબું અને જસતની મેળવણીથી બનેલી પીળા રંગની ધાતુ

સુખડીઆ=મિઠાઇ બનાવનાર,

હાટ=દુકાન

કોપરાપાક=કોપરાનો બનાવેલો પાક.

મિઠાઇ=બરફી, પેંડા વગેરે

ખડકેલી=ગોઠવેલી.

ખરાદી=સિંગાડા ઉપર ઘાટ ઉતારનાર;

સામાન=ચીજો; વસ્તુઓ

પલંગ=છત્રી વાળો કોચ

પારણું=હીંડોળા જેવું ઘોડીયું

કોચ=બે બાજુ તકીઆવાળો પલંગ.

કાપડીઆ=કાપડ વેચનાર.

સુતરાઉ=સુતરનું બનાવલુ

ઊનનું=ઘેટાના વાળનું બનાવેલું.

રેશમી=રેશમનું બનાવેલું

શણ=એક જાતનો છોડ. એની છાલનાં દોરડાં તથા કપડાં બને છે

સરૈયા=અત્તર, ગુલાબજળ, ધુપેલ વગેરે વેચનાર.

બહેકબહેક=મઘમઘ

લીલો મેવો=તાજાં પાકાં ફળ
દ્રાક્ષ=દરાખ.
ચોગાન=ખુલ્લુ મેદાન
મદારી=ખેલ કરનાર
ખેલ=રમત
સિપાઇ=ચોકીદાર
સવારો=ઘોડે બેસી ફરનાર સિપાઇ
ફુદડી ફરતી=ગોળાકારમાં ફરતી

સવાલ—ગોકળ આઠમના મેળામાં શું શું જોયું ?

પાઠ ૫ મો.

નઠારી=ખરાબ.
સોબત=સંગત
પટેલ=ગામનો ઉપરી
વાડી=ફૂલ ફળના ઝાડ છોડવાળી જગ્યા
મઝા=ગમત
શેખી=પતરાજી.
પારકાં=પરાયાં, બીજાં
માને=કબુલ કરે
આખરે=અંતે; છેલ્લે.
ઝાંપો=કાંટાનો દરવાજો
આઘે=દૂર
ખાસાં=સારાં; મજાનાં
નિશાન=એધાણ
તાકીને=ધારીને
લૂમ=ઝુમખો
તુટી પડે=નીચે પડે
ઘાટ=ઇલાજ, ઉપાય
રાસ=દોરડું
ઢગલેઢગલા=ઘણાજ
દોસ્ત=ભાઇબંધ
ફક્કડ=સારા.
પછવાડે=પાછળથી.
રખેવાળ=સાચવનાર.
સજજડ=જોરથી
ઝપાટો=સપાટો
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ
અથડાયુ=અફળાયું.
ચકરી=તમ્મર
છુંદાઇ=કચડાઇ
લોહીલોહાણુ=લોહીથી ખરડાએલું
વાડીવાળો=વાડીનો માલિક
લપડાકો=તમાચા
જીવ લઇને નાઠો=ખૂબ દોડયો
ફરીને=પાછળ
ધોલો=થપ્પડો
ફળ=ફાયદો; લાભ

કવિતાના અર્થ.

અસર=લાગણી
સંગ=સોબત; સંગત
રંગ=અસર; પાસ
પ્રેમ=પ્યાર
ઠામ = ઠેકાણું
ઠરશે=ઉભો રહેશે
બુરો=નઠારો; ખરાબ
મે'તા=મહેતાજી
ભાગ્યશાળી=નશીબદાર
વિદ્યા=ઇલમ; ભણતર; હુન્નર.

સાર—નઠારા સોબતથી તેની નઠારી અસર આપણાપર થાય છે માટે નઠારા માણસની સોબત કરવી નહિ પણ સારા માણસની કરવી.

પાઠ ૬ ઠ્ઠો.

રખડેલ=રખડતો
ખાતાં પીતાં હતાં=પૈસે ટકે સુખી હતા
વયે=ઉમરે
પાર રહ્યોજ નહિ=ઘણોજ થયો.
વધાઇ=વધામણી; ખૂશ ખબર
ઓવારણા=દુખડાં
કોઇ પગલું=કોઇના તરફથી જે પગલું બાંધવામાં આવે છે તે
ભેટ=ઇનામ,
લાડીલો = લાડમાં ઉછરેલો; લાડકવાયો.
કુટેવ=નઠારી આદત; ખરાબ ટેવ
પોળ=મોટી ખડકી
અટકચાળાં=અડપલાં; કોઇને ખોટું લાગે એવું કયા કરવું તે
લડાઇ=વઢવાડ
ઇલાજ=ઉપાય
વંઠીજશે=બગડી જશે
સીધું ચાલવું=તોફાન મસ્તી ન કરવી.
બહાને=નામે
ચૌટું=જ્યાં ચાર રસ્તા ભેગા થતા હોય તેવો બજાર.
રઝળતો=રખડતો
ટોળું=જથો
મસ્તી=તોફાન
લાતાલાતી=લાતબાજી.
લાત=પાછલો પગ મારવો તે
ઉતરી ગયો=સાંધામાંથી ખસી ગયો
ભેંકડો તાણતો હતો=મોટે સાદે રાગ કાઢી રડતો હતો.
હાડવૈદ=ઉતરેલું હાડકું બરાબર બેસાડનાર વૈદ
લેપ=ખરડ
ઓસડ વેસડ=દવા ને તેના ઉપાય
વલે=દશા; ભુંડાહાલ
ખો=આદત; ટેવ.
શિખામણ=ફાયદાની વાત; બોધ.
સુધરી ગયો=કુટેવ છોડી દીધી

સાર—નિશાળનું નામ દઈ રસ્તામાં રઝળવું નહિ, અને નઠારાની સોબત કરવી નહિ.

પાઠ ૭ મો.

જક્કી=પોતાની મરજી પ્રમાણે ચાલનાર; જીદ્દી
વાછરડાં=ગાયનાં બચ્ચાં
લવારાં=બકરીનાં બચ્ચાં
પાડાં=ભેંસનાં બચ્ચાં
ગાડરાં=ઘેટીનાં બચ્ચાં
ચારો=ઘાસ
નીરતો=નાખતો
ખાંપે=ખમે.
ખેતર=અનાજ પાકે તે જગો.
ઝોક=બકરાં ઘેટાં રાખવાનો વાડો
છાંયે=શીળે; છાંયડે.

વાંસળી=વાંસની બનાવેલી વગાડવાની નળી.
પાવો=પીસવો; સિસોટી
ફૂંક=ગરમી.
જતન=રક્ષણ; સંભાળ
રબારી=ઢોર ચરાવનાર
ઉચી=ઉડી, દૂધ દેતી બંધ થઇ.
જાળવતો=સાચવતો.
વિઆય=જણે.
ધણી=માલિક
સાચવણ=સંભાળ
તકરાર=વઢવાડ; રકઝક
શિકારી=શિકાર કરનાર
અજાણ્યું=ઓળખાણ વગરનું.
મોજ=મઝા; આનંદ.
અભાગીઉં=કમનશીબ.

પાઠ ૮ મો.

ગોંધતો=પૂરી મૂકતો.
ચેન=સુખ; મજા.
બંધીખાનું=કેદખાનું.
ચાંદની=ચંદ્રનું અજવાળું
ખેલવું=રમવું.
ઠરેલ=ડાહી.
નાદાન=સમજણ વગરનું
સંભાળ=બરદાસ
સપડાઇ પડશે=હેરાન થશે; પકડાશે.
જક=જીદ; હઠ.
લાગ=દાવ; તક
સટકી ગયું=છાનું માનું નાશી ગયું.
ઠેકવા=કૂદકા મારવા
પાદર=ગામના ઝાંપા બહારની જગા.
વગડો=જંગલ.
કોતર=ગુફા, બખોલ
તરાપ=કુદકો, ફાળ
બોડ=ગુફા; બખોલ.
કમોતે=વગર મોતે.

સાર-માબાપ મહેતાજી વગેરે કોઇ સારી શિખામણ આપે તે મુજબ ચાલવું. હઠ કરવી નહિ.

પાઠ ૯ મો.

રિસાળ=રિસાઇ જાય તેવો.
સહેજ સહેજમાં=જરા જરા વારમાં
રીસ=ગુસ્સો; મિજાજ.
છેડો=પાર
ભાગ્યે=કદાચ
આડોશી પાડોશી=આસ પાસના ઘરના રહેનાર.
ભાઇભાંડુ=સગાંવહાલાં.
જમણ=જમવાનું
ચીસ=બીકથી બૂમ પાડવી તે.
ટેવ=આદત
નકામો=અમથો
ઢોંગ=ફેલ
વેદના=દુઃખ
મુદલ=બીલકુલ; જરાપણ
પસ્તાયો=દીલગીર થયો.
નડે છે=હેરાન કરે છે.

સાર-જરા જરા વારમાં રિસાઇ જવું નહિ.

પાઠ ૧૦ મો.

કવિતાના અર્થ.

જાળ=કરોળીઆનું પડ; જાળું; ફાંદો.
ફરીફરીને = વારંવાર
વિષે=બાબત
વણ=વગર
તૂટેલે = તૂટી ગએલે
તાંતણે=તારે.
મહેનત શરૂ કરી=મહેનત કરવા માંડી.
માટ=માટે
ફાવ્યો=પાર પડયો
ઘાટ=ઉપાય, રીત
ભીડયો=હોંસથી મંડયો રહ્યો.
ધીરજ=સબુરી
નીરધાર=નક્કી.
ખંત=ચેતક; કાળજી.
યત્ન=મહેનત.
ચગદાઇ=છુંદાઇ, દબાઇ.
તળે=નીચે.
મોત = મરણ.
તજી=છોડી
અનંત=ઘણોજ
લાભ=ફાયદો
પામે=મેળવે

પાઠ ૧૧ મો

ચકભિલ્લુ=એક જાતની રમત છે
કચ્છ=કાછડો
ગઢ=કિલ્લો
સાથી=સોબતી
ભિલ્લુ=સાથી
વડો=મોટો
અંતરે = છેટે
સરદાર=ઉપરી
ઘૂમી રહ્યો=આમથી તેમ ફરી રહ્યો
દાવ=લાગ.
પેતરા=ડગલાં; પગલાં.
નજર ફેંકી=જોઇ
પૂર જોસથી = ઘણા જોરથી
ભૂલથાપ=ભુલાવો.
શાબાશ=ધન્ય
દાવ = રમતનો વારો

સાર—શરીરની સાથે મન કેળવાય એવી રમતો રમવી.

પાઠ ૧૨ મો.

દૃઢ મનવાળો = પાકા વિચારવાળો
ગેડીદંડા=દડો અને તેને ફેંકવાની લાકડી
ડગલું=પગલું
રંગ જામ્યો=મજાઆવી
પછી તો ધૂળ=પછી કંઇ મજા પડવાની નથી
વચન=બોલ
ખાતરી=ભરોસો.
સુનું=વસ્તી વગરનુ
મોં ફેરવી=મોં ચઢાવી.
પીડા = પંચાત, દુઃખ.
મન ડગવા દીધુ નહિ= મરજી મુજબ કર્યું નહિ

પાઠ ૧૩ મો.

મધમાખી = મધ બનાવનારી માખી
કુટુંબ=વંશ, ઓલાદ

છેડે=હરકત કરે
ચીઢ=વાસો
ઘાટ=શરીરનો આકાર.
સોહામણી=શોભિતી

ભપકાદાર=રોપવાળા
કોરીને=કાણું પાડીને
દુભવો=મન દુઃખી કરો
નુકસાન=બગાડ.

સ્વાદે=લહેજતથી
નવાઇ=અચરજ

સાર—કોઇનું ભલું કરીએ તો આપણું ભલું થાય, અને કોઇનું બુરૂં કરીએ તો આપણું બુરૂં થાય

પાઠ ૧૪ મો.

મોસાળ=માના બાપનું ઘર
આંખ ટાઢી થઇ=સં-

તોષ થયો.
અંગેઠી=પોક પાડવાની ધુણી.
ઉલટભેર=હોંસથી

વાંક=ગુનો, તકસીર.
સાજુ=આખું
ઉતાવળ=ઝડપ
ઠેસ=ઠોકર

સાર-૧) કોઇ પણ કામ ઉતાવળથી કરવું નહિ. ૨) જેવું આપણું સમજવું તેવુંજ સામાનુ સમજવું.

પાઠ ૧૫ મો.

ઢીંગલી=નાની પુતળી.
ટકતો=આરસો.
ઝૂટ=એકદમ ઝડપ મારી લઇ લેવું તે.
સરી પડયો=લપસી ગયો
બરડ=ઝટ ભાંગી જાય એવો.
પછાડીએ=અફાળીએ
ખેંચતાણ=ખેંચા ખેંચી
કાયર=હેરાન
જવે=દુઃખ દે.

ફુટી બદામ=ખોટી બદામ, ઘણીજ નજીવી કિંમત.
સહીઅરો=બેનપણીઓ
કટ્ટા=એક બીજાની સાથે બોલવું કે રમવું નહિ તે.

કવિતાના અર્થ.

આપણ=આપણે.
સુખચેન=મજા.
શોક=દિલગીર.
લાજ=આબરૂ.
ઘટે=ઓછી થાય.

નિંદે=ખોટું ખોટું બોલે
બળવંતા=જોરાવર.
સદા=હંમેશાં,
લેશ=જરાપણ.
કલેશ=કંકાસ.
કોપ=ક્રોધ,

પાઠ ૧૬ મો

રામચંદ્રજી=અયોધ્યામાં એ નામના રાજા થઇ ગયા તે. લોકો તેમને પરમેશ્વરનો અવતાર માને છે

ઇચ્છા=મરજી.
ગભરાટ = ગભરામણ.
છેવટે = આખરે.
ફેરવવા=બદલવા.
ફાંફાં = ખોટી મહેનત.
ગણકાર્યું=માન્યું.
ડસકાં=રડતાં રડતાં.
આંચકા ખાવા તે
રોડ=રડવાનું તોફાન

ખીજવાયા=ગુસ્સે થયા.
ગોદ=ખોળો
ઝોટઝપટ=નજર.
ધંતરમંતરવાળો=પીંછી ફેરવી કે મંત્ર ભણી સારું કરનાર.
જંત્ર=માદળીઆમાં ધાલવાનો મંત્રનો કાગળ.

માદળીઉં=તાવીજ.
ધીરા = ધીરજવાળા.
છાના=મુંગા.
પ્રધાન=વજીર.
દર્પણ=આરસી.
દશરથ=રામચંદ્રજીના બાપ.
મહારાજા=મોટા રાજા.
શ્રી=સારા; શોભાયમાન.

સાર—અક્કલ વાપરી યુક્તિથી કામ કરવું.

પાઠ ૧૭ મો.

વગર વિચાર્યું=વિચાર વગરનું.
જોડું=ધણીધણિઆણી.
કચરોપુંજો=કચરો વગેરે
પરવારી=નવરી થઇ.
કથા=ઇશ્વર સંબંધીવાત
મળતું=પેદાશ થતી
ગુજરાન=ગુજારો.
છોકરાંછૈયાં = છોકરાં છોકરી
પેટે=પોતાને.
ઓછું આવતું=દીલગીર થતી.
પાપ=ખોટાં કામ.
આધાર=આશરો, ભરોસો.
સારૂ= ભલું, કલ્યાણ
આંગણું=બારણા આગળની જગો
તરફડતું=તરફડીઆં મારતું
દયા=રહેમ.
ઉછેરીને=મોટું કરીને.
જન્મ થયો=અવતર્યો.
લોહીઆળું=લોહીવાળું

ગુસ્સો=રીસ.
બેડું=ગાગર ને ઘડો.
કકડા=ટુકડા.
ભણી=તરફ, બાજુ.
ભાંગીતૂટી=સમજાય નહિ તેવી.
બોલી=બોલ.
મૂર્ખ=બેવકુફ,
પાપી=ચંડાળ; દુષ્ટ.
અભાગણી=કમનશીબ
પુત્ર=છોકરો,
જીવ=પ્રાણ
વળે=કામ આવે.

જાન=જીવ.

પાઠ ૧૮ મો

સંદેશો=ખબર.
ખોડંગતો = લંગડતો.
દુઃખી=હેરાન.
મદદ=આશરો.
હુંફાળું = ગરમ.
પરાળ=ભાતનું ઘાસ.
છાપું=ચાલતા વખતની ખબરનો છાપેલોકાગળ
છાપખાનાવાળો=છાપખાનાનો માલિક.
ગોઠવણ=બંદોબસ્ત.
ગાર્ડ=સંભાળ રાખનાર
સરનામું=ઠેકાણું.
સ્ટેશન=આગગાડી ઉભી રહેવાનું મુકરર ઠેકાણું
નિમેલે=મુકરર કરેલે
ખડખડાટ=અવાજ.
સિસોટી=પીસવો.
ડરતો =બીતો
પંપાળી=હાથ ફેરવી.
ડર=બીક.
નજીક=પાસે; સોડે.
ઠરાવ=કરાર; થયેલીવાત.
ઝપાટાબંધ = દોડતો
ખબરદાર=હોશિયાર;
આઠકલાકમાં ૧૫ મિનિટ બાકી=૭ાા વાગે.

સાર—૧) દુઃખી પ્રાણીપર દયા રાખવી. ૨) જનાવરોને કેળવવાથી તેઓ માણસ જેવું કામ કરી શકે છે.

પાઠ ૧૯ મો.

રીતસર=નિયમસર.
વારો=દાવ; વખત
તોફાની=મસ્તીખોર
ખસેડી=આઘો કરી.
માથું મારી=હિંમત કરી
કોણી=હાથને વાળવાનો વચલો સાંધો.
ઢીમણું = ઢીમું.
છાતીવાળો=હિંમતવાન.
ધરાયો=તરપત થયો.
હડસેલી=ધક્કા મારી.
વેગળા=આઘા; દૂર.
બઝાડી=વળગાડી
પેટભરી=જોઇએ તેટલા.

સાર—૧) ગરીબ માણસને મદદ કરવી. ૨) ઇશ્વરે આપણે બળ આપ્યું હોય તો તે ગરીબ માણસને મદદ કરવામાં આપવું.

પાઠ ૨૦ મો

ખલીફા=વારસ થનાર
પાદશાહ=મુસલમાન રાજા
દરબાર=રાજકચેરી.
દેખાવડો=રૂપાળો
સુબો=સુબેદાર; સરદાર.
નીમણુક=ગોઠવણ.
હુકમ=આજ્ઞા.
ખાસ = જુદો, ખાનગી
શાહજાદો=પાદશાહનો દીકરો.
શાહજાદી = પાદશાહની દીકરી.
ચીતરામણ = ચિત્ર.

તહેનાતમાં=ખીજમતમાં હજુરમાં

છોકરવાદી=નાદાની

કારણ=સબબ; મતલબ

નામદાર=પ્રખ્યાત; નામીચો.

ફરમાવશો=હુકમ કરશો

સમજુતી=સમજણ.

મોંએ ચઢેલો=વધારે ઓળખાણને લીધે મરજીમાં આવે તેમ બોલનાર.

અરજ=વિનંતી

ફરજંદો=બચ્ચાં; છોકરાં

લાડ=વહાલ

અલ્લા=ખુદા, પરમેશ્વર

ગુનો=વાંક; તકસીર

માફ=ક્ષમા.

દીલ=મન

દીલગીરી=નાખુશી

ઓધ્ધો=હકુમત

નીમ્યો=નીમણુક કરી.

કઠણહૈયાનો=દયાવગરનો

રદ કરવું=ફેરવી નાખવું

આરબ=અરબસ્તાનનો રહેવાશી

સાર-માણુસની રીતભાત ઉપરથી તેના ગુણની પરીક્ષા થાય છે.

પાઠ ૨૧ મો.

આંધળો=જેને બે આંખે દેખાય નહિ તે

લંગડો=લુલો

ઢેકાઢળીઆ=ખાડાટેકરા

માળા=પક્ષીનાં ઘર

આસપાસ=આજુબાજુ.

કોહલા=ફાડી ખાનારૂં જાનવર

વાઘ=ફાડીખાનારૂં ચટાપટાવાળું જાનવર

વરૂ=કુતરા જેવું ફાડી ખાનારૂં જાનવર.

ખોંખારા=અવાજ

આડે=અવળે

દુવા=આશિષ;આશિર્વાદ

ધોરી=મોટા, સરિયામ

સાર—એક બીજાને મદદ કરવી.

પાઠ ૨૨ મો

પડછાયો=ઓળો

ભાગોળ=દરવાજો; દરવાજા પાસેનો બજાર

ભાગ=હિસ્સો

પાર=કિનારો.

નદી=મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઈ બીજી નદી કે સમુદ્રને મળે છે તે.

કુદકો=છલંગ; ફલંગ

પૂલ=નદીપરથી જવાને બાંધેલો રસ્તો.

થાક=વિસામો; આરામ

અદેખો=બીજાનું સારૂં જોઇ બળે એવો.

લોભી=લાલચુ.
તરાપ=કુદકો; છલંગ
ખોળ=શોધ; તપાસ.
પડાવી=ખુંચવી; છીનવી
દાનત બગાડી=પડાવી લેવાની ઇચ્છા કરી.
ગુમાવ્યું=ખોયું
તાકે=ધારે; વિચારે

સાર--બહુ લોભ કરવો નહિ.

પાઠ ૨૩ મો.

ખરીદ કર્યું=વેચાતીલીધું
સંદેહ=વહેમ; શક
હડખવા=કુતરાં કોહલાં વગેરેને એક જાતનો રોગ થાય છે તે.
દરકાર=પરવા
ઠાવકું=ડાહ્યું.
બચકું=ડાઘું.
ખામી=કસુર
છુટું મૂકી દીધું=છોડી દીધું.
અભડાયો=અડકાયો.
ભરોસો=વિશ્વાસ

સાર-આપણી આંખે ખરું દેખાયા છતાં બીજાપર ભરોસો રાખી ચાલવું નહિ.

પાઠ ૨૪ મો.

લખોટો=મંજો.
છાનોમાનો=ગુપચુપ
બગાડયું=ખરાબ કર્યું.
વિના=વગર
સજા=શિક્ષા
ભૂલીશ=વીસરીશ.
ચોરી=છાની રીતે બીજાની વસ્તુ લઇ લેવી તે.
ચોર=છાની રીતે બીજાની વસ્તુ લેનાર

સાર-ચોરી કરવી નહિ.

પાઠ ૨૫ મો.

કવિતાના અર્થ

કુહાડી=લાકડા ફાડવાનું હથિયાર.
બાયડો=મરદ
શાણો=ડાહ્યો.
બહાદુર=જોરાવર
ઘાવ=ઘા
ભાળે=જુએ.
નીર=પાણી; જળ
તાંહી=યાં
નિહાળ્યું=જોયું.
માંહી=અંદર, માં.
ડર્યો=બીધો
ઝૂલતાં ને સમાતાં=પાણીમાં આમ તેમ ડોલ્યાં કરતાં અને તેની અંદર સમાઇ જતાં.
સૂણી=સાંભળી.
સાદ=અવાજ.

ભલાં=દયાળુ
દેવી માતા= દેવની સ્ત્રી
વદે=બોલે.
માથું હલાવી=ડોકું ધુણાવી, ના કહી
સંપત=દોલત.
મહેર=મહેરબાની; દયા
જગનાથ=જગતનો ધણી, પરમેશ્વર

પાઠ ૨૬ મો.
ભરપુર=ભરેલો.
પૈસે ટકે ખાલી=ગરીબ; પૈસા વગરનો.
હાલત=દશા.
ખૂટી ગયુ=ઓછું થયું.
ખૂબસુરત = દેખાવડો.
હેત=પ્યાર.
દેશાવર = પરદેશ
કપરા=અઘરા, સખત

લાચાર=નાચાર ઇલાજ વગરનો.
મૂલ=કિંમત.
મુકામે=ઘેર.
હૈયું ભરાઇ આવ્યું= રડવું આવ્યું.
પંપાળતાં=હાથ ફેરવતાં.
બરદાસ=ચાકરી.
પરવડે=બોજે; પાલવે

સાર—દરેક માણસે પોતાના પાળેલ પ્રાણીપર ઘણોજ પ્યાર રાખવો અને જરાપણ દુઃખ દેવું નહિ.

પાઠ ૨૭ મો.
ઝરો=પાણીનો વહેળો
બરાવ=દેખાવ.
આંખ=નજર.
નારાજ=નાખૂશ.
ડબવું = હોઠ હલાવી મનમાં બોલવું

લજવ્યું=શરમાવ્યુ,
શરીર=દીલ.
લલકારવું=લલકારાથી બોલવું;
ચમકી=ચોંકી.
પારધી=શિકારી.
કેડો=પૂંઠ.

વટાવી=ઓળંગી;
ઝાડી=ઘણાં ઝાડનો જથો
વખોડતું=ધિક્કારતું.
મોહી પડયુ હતુ=રાજી થયું હતું.
ફસાવી દીધું=દુઃખમાં નાખ્યું

સાર—કોઇ પણ ચીજને વગર વિચારે વખોડવી કે વખાણવી નહિ.

પાઠ ૨૮ મો.
શિયાળ=શિયાળવાં.
શહેર=જેમાં છોબંધ ને હારબંધ ઘરો હોય અને સારાં સારાં બજાર હોય તે.

બચકાં=ડાકાં.
રંગરેજ=રંગારો
જરદી=પીળી.
પાસ=અસર;
આંગણે=બારણે
કોઢ=પેઢી; લુહાર જે જગાએ બેસી ઘાટ ઘડે તે જગા
ભઠ્ઠી=મોટો ચુલો
ધગધગતા=ઘણાજ ઉના
નકલ=માજાનું જોઇને કરવું તે.

સાર—કોઇની ખોટી નકલ કરવી નહિ.

પાઠ ૨૯ મો.

વરો=જમણવાર; ન્યાત
ઘી=તાવેલું માખણ.
પીયર=બૈરીના બાપનું ઘર
મણ=ચાલીસ શેર.
ટાંકણે=ટાંણે અવસરે,
મેળાપ=મુલાકાત.
ચડભડી=લડી.
રડયું ખડયું=જવલ્લે;
લેખવે=ગણે.
મોઘેભાવે=ઘણી કિંમતથી
ખપ=જરૂર; કામ.
રંક=ગરીબ.
ભારેખમ=ભારબોજવાળા;
માન=આબરૂ; ઇજ્જત

સાર-ભારેખમ થઇ ખુણે બેસી રહીએ. તે કરતાં બહાર પડી બધાના ઉપયોગમાં આવવું સારૂં છે, એમ કરવાથી વગર માગે માન મળે છે.

પાઠ ૩૦ મો.

કુંવર=રાજાનો છોકરો
આપકમી=આપની કમાઇ ખાનાર.
આપકર્મી=પોતાની કમાઇ ખાનાર.
રાજપાટ=રાજગાદી
તીર્થ=પવિત્ર જગો.
ધન=દોલત.
ભાભી=ભાઇની વહુ.
વતન=પોતાનીજન્મભૂમિ
ઓચિંતુ=એકદમ.
તરાપ=છલંગ.
ઠેકાવી=ઠેકડો મરાવી
સેના=લશ્કર.
ઉપરી=સરદાર.
હિંમત=હામ.
લૂણ=અનાજ
ફતેહ=જીત.
પ્રાર્થના=પરમેશ્વરના કાલાવાલા.
તડંગધુમ=ડંકા વગાડતા તેમાંથી નીકળતો અવાજ.
ડંકો=લડાઇનું વાજીંત્ર; નોબત.
નિશાન=ધજા; વાવટા.
દુશ્મન=શત્રુ.
ફોજ=લશ્કર
તક=દાવ
સરદારી=ઉપરીપણું
નાસભાગ=નાસાનાસ.
કુંવરી=રાજાની છોકરી
બહાદુરી=હોશિયારી
વરમાળ=વરને કન્યા જે માળા પહેરાવે છે તે
પહેરામણી=કન્યાદાન

સાર-જાતે પેદા કરી ખાવાની ઇચ્છા રાખવી.

પાઠ ૩૧ મો.

દેડકા=ચોપગું પાણી તથા જમીનપર રહેનાર પ્રાણી
ઘાસચારો=ઘાસ વગેરે
તાજો થયો=ધરાયો.
લહેર=સપાટો
તડુકતો તડુકતો=લહેકાતી ચાલ ચાલતો.
ખાબોચીઉં=પાણી ભરાયલો નાનો ખાડો
જીવ=પ્રાણ.
ચઢાઉ=કોઇ વખાણ કરે તેમ ફુલે એવી.
ફુલાવી=મોટું કરી.
બેટા=દીકરા
બોલ—શબ્દ;
મમત=જીદ; હઠ
ગજા=શક્તિ.
ઉપરાંત=વધારે

સાર=ગજા ઉપરાંત કામ કરે તો મરે, નહિતો માંદો થાય; માટે ગજા ઉપરાંત કામ કરવું નહિ.

પાઠ ૩૨ મો.

ભિખારી=ભીખ માગનાર
તળાવડી=નાનું તળાવ
લપશી=ખસી; સરી
ધ્રૂજતો=કાંપતો; થરથરતો.
ખાદી=એક જાતનું જાડું લુગડું; દોટી.
વાત=લાગત.
મલમલ=એક જાતનું ઝીણું કપડું
બફારો=પસીનો
સાહુકાર=રૂપીઆ ધીરવાનો ધંધો કરનાર.
જેમ તેમ=ગમે તેમ.
બેદરકાર=બેપરવા; ગરજ વગરનો.
રોગ=દરદ.
કસ=કેંસ.
જાતે=પોતે.

સાર—કપડાં મેલાં પહેરવાં નહિ, એટલુંજ નહિ પણ તે ગમે તેમ પહેરવા નહિ.

પાઠ ૩૩ મો.

બ્રાહ્મણ=હિંદુની ઉંચી જાત.
ગણેલા=અનુભવ મેળવેલા
સારો=લાયક
ધંધો રોજગાર=વેપાર વણજ
જડતો=સૂઝતો; માલમ પડતો
દેશાવર=પરદેશ
દોરીને=હાંકીને.
સ્ત્રી=બૈરી
પગલાં=પગના તળીઆંનો આકાર.
અંગુઠીઆ=પગને અંગુઠે પહેરવાનું રૂપાનું ઘરેણું.
જોટવાં=પગને અંગુઠે તથા તેની જોડેની આંગળીએ પહેરવાનું રૂપાનું ઘરેણું.
નિશાની=એંધાણી
વહેળો=નાની નદી

શેલો = શીલા; પત્થર
ધોબી=લુગડાં ધોવાનો ધંધો કરનાર.
ધોબણુ=ધોબીની બાયડી
રાજમારગ=મોટો રસ્તો.
ઢુકડું=પાસે; નજીક
છેક નજીક=ઘણુાજ પાસે
ખંતીલા=કાળજીવાળા
પૈસો=દોલત; પૂંજી
મેળવ્યા=પેદા કીધા.

સાર–ધ્યાન રાખી જોવાની અને તે ઉપર વિચાર કરવાની ટેવ રાખવી.

પાઠ ૩૪ મો.

કવિતાના અર્થ.

મહિમા=મોટાઇ
જગપતિ=પરમેશ્વર; જગતનો ધણી
જગ=દુનીઆ
રચી=બનાવી
રચના=બનાવટ; ગોઠવણુ
નવરંગી=તરેહતરેહના રંગના
તરૂપાન=ઝાડનાં પાંદડાં
પા'ડ=પહાડ
કરાડ=કરાડા; ગુફા
સિંધુ=દરીઓ; સમુદ્ર
સરિતા=નદી
ઘાટ=પહાડ ઉપર ચઢવા ઉતરવાનો રસ્તો; ઓવારા.
*રળિઆમણી=શોભીતી
વાટ=રસ્તો.
શીતળ=ઠંડો
સાર = સારી.
સૂર્ય=સુરજ.
વરસાદ=મેહ
ઝૂલતાં=લટકતાં.
મધુર=કાનને સારૂં લાગે એવું; મીઠું.
નાદ=અવાજ; સાદ
કળા=તેજ; અજવાળું.
રંગ=શોભા.
મેદાન=ખુલ્લી લાંમી પહોળી જગો.
તરતાં=પાણી ઉપર રહેતાં.
મહી=માં
આંખડી=આંખ
ચાવણું=ખાવાનુ; ખોરાક
સાથ=સાથે
કળા=હિકમત, જુક્તિ.
કળી શકાય નહિ=સમજી શકાય નહિ.
સરજી=પેદા કરી.
સરજનહાર=પેદા કરનાર; પરમેશ્વર;

પાઠ ૩૫ મો.

કવિતાના અર્થ

વિશાળ=મોટાં ડાળાં પાંખડાં ખૂબ ફેલાએલાં હોય એવો.
છજેલ=છવાઇ રહેલો;
તંબુ=કપડાનું ઘર
તાડ=સાથી ઉંચું ઝાડ
કેળ=કેળાનુ ઝાડ.
પલ્લવ=પાંદડાં.
વનસ્પતિ=ઝાડ, છોડ, વેલા વગેરે
ધરી=પહેરી.
સ્હોય=શોભે.
કોયલ=કાળાં રંગનું મધુર રાગનું પક્ષી.
કલ્લોલ=મજા; ખુશાલી.
તીતર=તીણા રાગનું પક્ષી.
વિશેષ=વધારે.
બેશ=સરસ; સારી રીતે

કેસુડો=ખાખરાનાં ફૂલનો રંગ.
ઘોળીને=પાણી જેવો કરી હલાવીને.
ફુવારા=પાણી ઉંચુ ઉડાડવા માટે બનાવેલો ઘાટ.
નવરંગ=તરેહ તરેહના રંગ.
અપાર=ઘણુંજ.
મોર=આંબાના ફૂલ.
કોર=બાજુ.
ચાંદની=ચંદ્રમાનું અજવાળું.

પાઠ ૩૬ મો.

ટેકરો=નાનો ડુંગર.
ઓળા=પડછાયો.
પીઠ=વાંસો.
પશ્ચિમ=આથમણી; સુરજ જે દિશામાં આથમે છે તે.
ઉત્તર દિશા=પૂર્વ દિશા તરફ મો કરીને ઉભા રહેતાં જેણી તરફ ડાબો હાથ આવે તે.
દક્ષિણદિશા=પૂર્વ દિશા તરફ માં કરી ઉભા રહીએ તો જમણા હાથ તરફ જે દિશા આવે તે.
ધ્રુવ=ઉત્તર દિશામાં આકાશમાં જે તારો એકની એકજ જગાએ ઝીણો ઊગતો દેખાય છે તે. એ તારાને ધ્રુવનો તારો કહે છે.

સવાલ—પૂર્વ અને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી? પડછાયો સુરજથી કઇ દિશામાં હોય? લાંબામાં લાંબો અને ટુંકામાં ટુંકો પડછાયો કયારે હોય? ઉત્તર દિશા શી રીતે જાણવી? દહાડે દિશાઓ શા શા ઉપરથી જાણી શકાય? રાત્રે દિશા શા ઉપરથી જાણી શકાય? સમાસામી દિશાઓ ગણાવો.

પાઠ ૩૭ મો.

બેસતુંવરસ=કારતકસુદ ૧
દાંડી=પંખાની હાથમાં પકડવાની લાકડી.
માપ=ભરતર.
મથાળે=ટોચે.
ફુટ=બાર ઇંચ; અડધો ગજ.
લંબાણ=લાંબાપણું.
પહોળાઇ=પહોળાપણું.
ઇંચ=તસુ; સત્તાકા જેટલી જગા
મધ્યમાં=વચમાં
પગથીઉં=નાની ઓસરી
થોર=થુવેરીઆ.
કરા=ભીંત.

સવાલ—નકશામાં ઉત્તર દિશા કયાં હોય છે? ઉત્તરની સામેની કઇ દિશા? નકશામાં પૂર્વ પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી? નિશાળનો નકશો શી રીતે કાઢવો?

પાઠ ૩૮ મો.

ધોરી=સરીયામ.
આગગાડી=વરાળથી ચાલતી ગાડી.
નિશાન=એંધાણ.
સમજ=સમજણ.
ખેતર=અનાજ, ઘાસ પાકે છે તે જગા.
ગોચર=ગાયોને ચરવાની જમીન.

સવાલ—રસ્તો બતાવવાને એવડી લીટી શામાટે દોરવી? નદી કેણી તરફ વહે?

પાઠ ૩૯ મો.

વગડામાં=ઉજ્જડ જગામાં
ગોપડો=ઢોરને ચરવાની જગા, ચરો; બીડ.
આંબાવાડી=આંબાનાં ઝાડ ઘણાં હોય એવી વાડી.
નિચાણમાં=ઢળતી જગામાં.
ઢાળ=ઢોળાવ.
દહેરૂ=દેવળ.
કાંઠે=કિનારે.
ભાઠું=કાંઠાપરની ખેડવા લાયક જગા.
વહેણ=રેલો.
ચાલાક=ચંચળ.
પાર=કાંઠો; કિનારો.
પાળ=કોરણ.
ડાંગર=ભાત
કયારડા=ભાત પકવવાના ખાડા.
મસ=ઘણુ
ઇશાન=ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો
નજરે પડયા=દેખાયા.
સુગમ=સહેલુ

સવાલ—પવન કઇ દિશા તરફ વાતો હતો તે શા ઉપરથી કળ્યું? ટાઢો પવન લાગવાનું કારણ શુ? તળાવ કોને કહેવું? નદીને કેટલા કાંઠા હોય અને તે કયા કયા? જમણો અને ડાબો કાંઠો શી રીતે જાણી શકાય? નદી શા શા કામમાં આવે? ખુણા કેટલા છે અને તે કયા કયા? કઇ કઇ દિશાઓની વચ્ચે ખુણા હોય નહિ?

પાઠ ૪૦ મો.

વાળુ=રાતનુ જમવાનુ.
ગચ્યું=ગોઠવ્યું.
ચોરો=સરકારી ઉતારાનું મકાન.
મુખી=ગામનો ઉપરી; ગામનો બંદોબસ્ત રાખનાર પટેલ.
ગંધ=ખરાબ વાસ.
બંદોબસ્ત=ગોઠવણ.
હવાલદાર=પટેલના તાબાનો ૪, ૫ રૂપીઆના પગારનો સિપાઇ.
મામલતદાર=તાલુકાનો ઉપરી અમલદાર; પટેલ તલાટીનો ઉપરી.
ભરણું=પટેલ તલાટીએ ખેડુત પાસથી સરકારી

આગતા રૂપીઆ લઇ એકઠા કર્યા હોય તે
તલાટી=ગામની વસુલાત ઉઘરાવનાર.
રાવણીઓ=વરતણીઓ
તાલુકો=ઘણાં ગામ મળીને થએલો તે
તાલુકે=મુખ્ય કચેરીએ
હુંડી=રૂપીઆ મળવાનો કાગળ; મનીઓર્ડર.
માસ્તર સાહેબ=પોસ્ટ માસ્તર.
ટપાલી—કાગળવહેંચનાર
ગેરહાજર=હાજર નહિ તે.
માંદો=બિમાર.
દાક્તર=અંગ્રેજી દવા જાણનાર વૈદ.

સવાલ—ચોરો એટલે શું? મુખી, તલાટી, ટપાલી, પોસ્ટ માસ્તર એ દરેકના કામ સમજાવો.

પાઠ ૪૧ મો.

સોનેરી=સોનાના રંગ જેવો, પીળો.
અંગારા=સળગતા કોયલા.
ચળકતો=ઝળકતો.
દાતણપાણી=દાંત સાફ કરવા તથા મોઢું ધોવું તે.
ધંધો=રોજગાર; વેપાર.
ખેડુત=ખેતીનું કામ કરનાર.
હળ—જમીન ખેડવાનું ઓજાર
ઝાડીને=ઝપટીને.
ખોરાક=ખાવાની ચીજ.
તાજી=તરતની.
લહેર=સપાટા.
જન=માણસ
નમતો=આથમતો.
ઘોંઘાટ=અવાજ.

સવાલ—સુરજ ઊગતા પહેલાં પૂર્વ દિશામાં વાદળ અને વાદળાંની કોરો કેવી જણાય છે? અજવાળું શેમાંથી આવે છે? સવાર થઇ શાથી જણાય? સવારમાં માણસ, પશુ, પક્ષી શું શું કરે છે? છોકરાઓએ પાઠ કયારે કરવા જોઇએ? સાંજ પડી કયારે કહેવાય? સુરજ ઊગતા પહેલાં અને આથમ્યા પછી થોડું અજવાળું રહે છે તેને શું કહે છે? (જ. ઝળઝળીઉં.) સાંજના દેખાવની વાત કહો.

પાઠ ૪૨ મો

વાતો=ફુંકાતો.
જોરથી=ઝડપથી
ફરી જાયછે=ઉંધી પડી જાય છે.
ટિકીટ=આગગાડીમાં બેસવાની ચિઠ્ઠી
ગુંગળાઇ મુંઝાઇ.
ઝપાટો=સપાટો
તોફાન=પવનનું બહુ જોરથી વાવું તે
ઉથલી=ગબડી, ફેરવાઇ.

મૂળમાંથી=જડમાંથી	ઘસડી=ખેંચી.	અકળામણુ=ગભરામણુ.
ભરવાડ=ઘેટાં બકરાં ચરાવનાર.	ધાન્ય=અનાજ.	વાદળાં=વરાળના જથા.
	વહાણો=મોટી હોડીઓ	

સવાલ—હવા કયાં કયાં હોય છે? બધેજ હવા છે એ સાબિત કરી બતાવો. હવાની જરૂર કોને કોને છે? હવા ન હોય તો શું થાય? પવન એટલે શું? હવા ને પવનમાં શો ફેર છે? પવનનુ તોફાન કયારે થાય? પવનથી શા શા ગેરફાયદા તથા ફાયદા થાય છે તે ગણાવો.

સાર—આપણે હવા વગર જીવી શકીએ નહિ માટે દયાળુ પરમેશ્વરે તે બધે ઠેકાણે ભરી રાખી છે.

પાઠ ૪૩ મો.	નિર્દય=દયા વગરનો	તળીઉં=નીચેનો ભાગ.
કકડા=ટુકડા.	કઠણુ=સખત.	જંતુ=ઝીણાં જીવડાં.
દુ:ખ = વીટંબણા.	ગાંગડો=ગઠ્ઠો	વેહ=છિદ્રો, કાણાં.
ચુરો=ભુકો.	ઝાખો=ચળકાટ વગરનો.	થર=પડ.
કણુ=રજકણુ.	કોલ=કેલ	ચાંચવો=જમીન ખોદવાનું ઓજાર; તીકમ.
છુટા = જુદા.	કહેણી=કહેતી; કહેવત	
અક્ષરો=હરફો; દસ્કતો.	જન્મ=પેદાશ	
પીગળતો=રસ થતો.	દરીઓ=સાગર; સમુદ્ર	હકીકત=વાત.

સવાલ—ચાકનો કેમ સહેલાઇથી ભુકો થઇ શકે છે? ચાક પોચો છે તેથી શા શા ઉપયોગમાં આવે છે? ચાકને ભઠ્ઠીમાં નાખે તો શું બને? ચુનો શું કામમાં આવે? ચાક પાણીમાં ઓગળે કે નહિ? પાણીમાં ઓગળે એવા પદાર્થનાં નામ દો. જે પદાર્થ પાણીમાં ઓગળી જાય તે કેવા પદાર્થ કહેવાય? જ. દ્રાવ્ય. ન ઓગળે તે કેવા કહેવાય? જ. અદ્રાવ્ય. ચાકમાં કયો ગુણ છે કે જેથી તે પાણી ચૂસે છે? જ. છિદ્રાળુ. બીજા કયા કયા પદાર્થો પાણી ચૂસે છે?

છિદ્રાળુ પદાર્થનાં નામ દો. ચાક દેવતામાં પીગળી જાય છે કે નહિ? દેવતામાં ન પીગળે એવા પદાર્થનાં નામ દો. ઓગળવું અને પીગળવું એમાં ફેર શું? ચાકને ભોંયપર પછાડીએ તો શું થાય? ચાકમાં કયો ગુણ છે કે જેથી તેને પછાડવાથી ભાગી જાય છે? જ. બરડ. બરડ ગુણવાળી ચીજોનાં નામ દો. ચાક શી રીતે બને છે? જે પદાર્થો જમીનમાંથી નીકળે તે કેવા પદાર્થો કહેવાય? જ. ખનીજ ખનીજ પદાર્થનાં નામ દો ચાકનો ઉપયોગ કહો.

પાઠ ૪૪ મો.	કાતર=કાપવાનું ઓજાર	ખાટી=ખટાશવાળી
ટીપે છે=ઘડે છે	ચપ્પુ=શિરોઇ	ઝેરી=ઝેરવાળો
પતરા=ધાતુને ટીપીને અથવા રસ કરીને લાંબા ચોડા બનાવેછે તે	નાળચાં=નળી	સિક્કા=ચલણી નાણું
	કથરોટ=મોટી થાળી	ટંકશાળ=સિક્કા પાડવાની જગા
ગાળીને=રસ કરીને	બાઝેલા=વળગેલા	

સવાલ—તાંબા પિત્તળનાં વાસણ બનાવનાર તથા વેચનારને શું કહે છે? સુથાર, લુહાર, કુંભાર શેના ઘાટ બનાવે છે? તાંબુ ક્યાંથી નીકળે? એ કેવો પદાર્થ કહેવાય? તાંબાના ગુણ કહો. તાંબાના કયા કયા વાસણો બને છે? તમારા ઘરમાં તાંબાંના જે જે વાસણ હોય તે ગણાવો. તાંબાના કાટને શું કહે છે? તેનો રંગ કેવો હોય છે? તે ખાધામાં આવે તો શું થાય? તાંબા પર કાટ શી શી રીતે ચઢે છે? તાંબાના વાસણ પર કાટ ન ચઢે માટે શું કરે છે? કલાઇનો રંગ કેવો હોય છે? તાંબાના કયા કયા સિક્કા બને છે? ટંકશાળ એટલે શું? તાંબાનો ઉપયોગ કઇ કઇ ધાતુ બનાવવામાં થાય છે?

પાઠ ૪૫ મો.	વગેરે કાઢવા માટે ખોદેલો ખાડો	ઇનામ=ખૂશ થઇ આપવું તે
ખાણ=જમીનમાં ધાતુ		

મેળવણી=ભેગ
ઓગળીને=રસ થઇને
મજાગરાં=બડવાં, જેના વડે બારણું ઉઘડે ફેરવાય તે
તાસકો=ઢાંકણાં
પવાલી=લાંબુ પીપ
શિરોઇ=સાંકડા મોઢાનું વાસણ; ચંબુ
કાટ=કીટ
કલાઇ=ઝાંખા સફેદ રંગની ધાતુ
માંજેલાં=ઘસીને સાફ કરેલાં
સસ્તું=સોંઘું

સવાલ—ધાતુમાં કયા કયા ગુણ હોય છે? ધાતુઓ ક્યાંથી નીકળે છે? ધાતુઓ કેવો પદાર્થ કહેવાય? પિત્તળ શી રીતે બનાવે? પિત્તળનો રંગ કેવો હોય છે? જસતનો રગ કેવો હોય છે? તાંબું ને પિત્તળ એમાં કઠણ કોણ? શા માટે પિત્તળ વધારે કઠણ? પિત્તળનુ શું શું બને છે? તમારા ઘરમાં પિત્તળનાં વાસણ હોય તેનાં નામ દો. પિત્તળ પર કાટ ચઢે છે કે નહિ? પિત્તળનાં વાસણને કલાઇ કરાવવાનું કારણ શું? તાંબું અને પિત્તળ એમાં જલદી કોણ કટાય? ઝાંખું કયું વહેલું પડે? તાંબા અને પિત્તળ એમાં સસ્તું કયું? પિત્તળ સસ્તું શા માટે? તાંબા અને પિત્તળનો શેરનો ભાવ શુ હશે?

પાઠ ૪૬ મો.

ઘાસનું બજાર=ઘાસની પીઠ
ચરો=પોપડા; ઘાસ ઊગવાની જગા; ખીડ
કુમળું=નરમ
છાવામાં=ઢાંકવામાં
વણીને=વળ દઇને
મૂળીઆં=મૂળ
ધાર=અણી
દાભ=દરભ
ઝીંઝવો=એક જાતનું ઘાસ
ચરાઉ=ચરનારા
ગંજી=ઘાસના ઢગલા
ગડી=ગાંઠ
સુગંધ=સારી વાસ
મોથ=સુગંધીદાર ઘાસ
ખુજળી=ખજવાળ આવી ફોલ્લા થાય તે.
ધુપેલ=માથામાં ઘાલવાનું તલ.
અત્તર=સુગંધીદાર વસ્તુનો કસ
દરો=એક જાતનુ ઘાસ; ધરો
જડ=મૂળ
ફરી ફરીને=વારેવારે
ઉપલાણે=ઉપરનાભાગમ
વાટ=રસ્તો
ચમરી=છોડ ઉપરની પાંખડી
સુંવાળી=લીસી
વાસ=સોડમ

સુપડા=ઝાડકવાને માટે વાસની ચીપ કે ઘાસનું બનાવેલું ઓજાર
સાદડી=ચટાઈ
પડા=ઝુડી
કુટીને=છુંદીને
મુંજ=સરકટની પાંદડીને પલાળી કુટેલી તે
ખાટલા=ઢોલીઆ

સવાલ—જે ખેતરમાં દાભ ઊગે તે ખેતર શા કારણથી નકામું થઇ જાય છે? દાભના મૂળીઆં કેવાં હોય? એની પાંદડીની કોર કેવી હોય છે? કુમળું દાભ શું કામમાં આવે છે? પાકટ થયા પછી શું કામમાં આવે છે? દાભ શુ કામમાં આવે છે? ઝીંઝવો શું કામમાં આવે છે? તે કયાં ઊગે છે? એના મૂળીઆપર શું થાય છે? એ ગડીને શું કહે છે? મોથ શા શા કામમાં આવે છે? ઝીણી ઝીણુ સોય જેવી પાંદડીવાળું જાળ જેવું કયું ઘાસ થાય છે? દરો કાઢ નાખવા છતાં ફરીથી કેમ ઊગી નીકળે છે? સરકટ કયાં થાય? સરકટ જનાવરના ખાધામાં આવે છે કે નહિ? નહિ આવવાનું કારણ શું? સરકટની સળીઓ સુકાય પછી શા શા કામમાં આવે છે? એની પાંદડીને કુટીને પલાળે છે તેને શું કહે છે? મુંજ શું કામમાં આવે છે? કયા કયા ઘાસ ખાટલા ભરવાના કામમાં આવે છે?

પાઠ ૪૭ મો.

વાવવા=રોપવા
સાંઠા=સોટા
પરાળ=ભાતનું ઘાસ
ગાંઠ=ગડી. (વગરની. સળંગ=આખી; સાંધા
પેર=પેરીઉ
ગુચ્છો=ગુંચળું; જથો
નજર કરો=ધ્યાન આપો
બી=બીયાં
ખાતર=ઘાસ છાણ વગેરે કોહી ગએલો કચરો.
પૂરી=નાખીને
ભીલ=વગડામાં રહેનાર જાત
નાગલી=બાવટા
સામો=એક જાતના ઘાસનું બી
થેક=ચીઢા કે ડુંગળાનાં મૂળની ગાંઠો
ઢેબરા=મીઠું મસ્યું નાખી જુવાર બાજરીના કરેલા રોટલા
ખસલી=એક જાતનું ઘાસ
કડબ=જુવારનો સુકો સાંઠો
રાતડીઓ=રાતી જુવાર
બીડ=ઘાસ ઊગવાની જમીન; ચરો

સવાલ—બાજરી, જુવાર અને ડાંગરના છોડનો ઘાસની સાથે મુકાબલો કરો. આપણે અનાજ ખાઈએ છીએ તે શું છે? ઘાસનું બી નાનું અને અનાજનું મોટું હોવાનું કારણ શું? મહીકાંઠો કયાં આવ્યો? મહીકાંઠાના ભીલ લોકો કયું કયું અનાજ ખાય છે?

પાઠ ૪૮ મો.

અખત=બહુ
એક સામટું=સાથે લાગુ
ભાણુ=સુરજ
દાણો=જુવાર અડદ વગેરે
કોઢ=ઢોર બાંધવાનીજગો
નીરૂં છું=નાખું છું
છાશ=દહીમાં પાણી નાખી વલોવી બનાવે છે તે
કૌવત=જોર
ચવડું=હળના નીચેના ભાગમાં કોશની સાથે અણીવાળું લાકડું હોય છે તે.
આળસુ=સુસ્ત
સેડ=હળમાંની વચમાંનો લાંબો સોટો
ચાસ=ખેતરમા હળે કરી પાડેલા આડા ઉભા લિસોટા
હળપુણી=હળમાં લોઢાની કોશ હોય છે તે
ધુસરી=બળદની ખાંધે રહે છે તે લાકડું
છડો=હળને છેડે પકડવાને ખીલી જેવું હોય છે તે; હલેડી

કવિતાના અર્થ.

તાત=બાપ
નીપજાવે=પકવે
અન્ન=અનાજ
ધરે=પહેરે
સહે=ખમે; વેઠે
લટ્ટ=જબરો; મજબુત
ઉત્તમ=સારી
પર=પારકો
ઉપકારી=આભારી
દીએ=આપે
શીખ=શિખામણ
ખંત=કાળજી

જગતનો તાત ગણાય એટલે જેવી રીતે બાપ છોકરાઓનું પોષણ કરે છે તેવીજ રીતે ખેડુત ધાન્ય ઉપજાવી આખા જગતનું પોષણ કરે છે માટે. ખેતીને ઉત્તમ કહેવાનું કારણ એકે એ ધંધો સ્વતંત્ર છે, અને અનાજ જેવી જીવવાને જરૂરની ઘણી કામની વસ્તુ તે નીપજાવે છે માટે.

હળની હકીકત—હળના મુખ્ય બે ભાગ છે, હળના પાછલા ભાગને તુગું અને આગલા ભાગને સેડ કહે છે. સેડની લંબાઇ ૧૦ ફુટ અને તુંગાની લંબાઇ ૪ ફુટ હોય છે, તુંગું વચમાંથી જાડું, નીચેથી અણીદાર અને ઉપરથી પાતળું હોય છે. જાડા ભાગમાં સેડનો છેડો ઘાલે છે. તુંગામાં હળપુણી, ચવડું અને કસવાળો હોય છે. હળપુણી લોઢાની

હોય છે, ને તે નીચેને છેડે ચવડાની ઉપર રહે છે. ચવડું પણ અણીદાર ને ત્રણ પાસાવાળુ હોયછે. સેડને બીજે છેડે ખીલો હોય છે તેને સગન (સંબંધીઓ) કહે છે; ત્યાં ધુસરૂ બાંધે છે. ધુસરૂ બળદની ખાંધપર મૂકે છે; ધુસરૂ બળદની ખાંધેથી ખસી ન જાય માટે ધુસરાને બંને છેડે લાકડાની સમેલ હોય છે તે બળદની ડોકે જોતરથી બાંધે છે. હળપુણી છેડેથી અણીદાર હોય છે, તેનાથી જમીન ખેડાય છે. હળપુણી જલદી ઘસાઇ કે ભાગી ન જાય માટે લોઢાની કરે છે. તુંગાના ઉપરના ભાગમાં મુઠ્ઠીમાં આવે એવો લાકડાનો ગોળ કકડો બેસાડેલો હોય છે તેને છડો કહે છે. હળ હાંકતી વખત ખેડુત છડાપર ભાર દે છે તેથી હળપુણી ભોંયમાં ઉતરે છે; એથી જમીન ખેડાઇને પોચી થાય છે ને ચાસ પડે છે.

સવાલ—હળનુ ડ્રોઇંગ પાડી તેના દરેક ભાગપર નામ લખો. હળના દરેક ભાગનો ઉપયોગ સમજાવો.

પાઠ ૪૯ મો

પાળ=કોરણ.

લીલાછમ=ઘણાજ લીલા

ધરૂ=કોમળા છોડ.

ઝીલવા=ખમવો.

ભરડીને=ભચરડીને.

છોડ=ફોતરાં; છોતરાં

સવાલ—ડાંગર શી રીતે વાવે છે? ધરૂ એટલે શું? ડાંગર કયારડામાં શા માટે રોપે છે? ડાંગરના છોડ પાકે ત્યારે કેવાં રંગના થાય છે? ડાંગર પાકયા પછી શું શું કરે ત્યારે ચોખા થાય?

પાઠ ૫૦ મો.

કોલુ=શેરડીનો રસ કાઢવાનો સાચો.

પડછા=પાતરાં, ચમરી;

રસ=કસ.

સંબંધી=વિષે, બાબત

ચેર=ગંદેરી.

વેંત=બિલ્લસ.

આંખ=કળી.

પીત=પાણીથી થતું જે કરસણ શાક વગેરે.

તરકારી=શાક.

માસ=મહીના.

ડુક્કર=ભુંડ.

શિયાળવાં=શિઆળ.

સંભાળ=તપાસ.

પાકટ=પાકી

તાવડો=મોટો પેણો.

છારી=પડ.

સવાલ—શેરડી શી રીતે રોપે છે? શેરડીની આંખ બતાવો.

કોલુ એટલે શું? કોલુ શેનું બનાવે છે? શેરડીમાંથી રસ શી રીતે કાઢે છે? રસનો ગોળ શી રીતે બનાવે છે?

પાઠ ૫૧ મો.

રસોઇ=રાંધવાનું કામ.
તકરાર=વઢવાડ; રકઝક
વઢવા=લઢવા.
ધીમા=શાત

ઉજળો=મફેદ.
ભાવ=હોંસ.
સારા=સાજા
લોટ=આટો.
કણક=લોટમાં પાણી નાખી લોંદા જેવુ કરેછે તે.

જોર=શક્તિ.
નકામો=ફોકટ
હિસાબમાં=ગણતરીમાં.
ઉપયોગના=જરૂરના
પૈસાદાર=પૈસાવાળા.

સવાલ—માંદા અને દાંત વગરના માણસને કયો ખોરાક વધારે ઉપયોગી? તેનું કારણ શું? ભાત શી રીતે બનાવે છે? રોટલી શેની બનાવે છે? ઘઉની રોટલી શી રીતે બનાવે છે? ગરીબ માણસો ઘઉં કેમ ખાતા નથી?

પાઠ ૫૨ મો.

મધપુડો=મધમાખીએ બનાવેલો પુડો.
લટકતો=ટીંગાતો.
વાઘરી=શિકારી.
કામળો=ઊનનું લુગડું.
ધુણી=ધુમાતો દેવતા; સળગતાં છાણાં વગેરે
ઘરબાર વગરનાં=રખડતાં
પારકો=પરાયો, બીજાનો
ચીજ=વસ્તુ

ઇચ્છા=મરજી
નર=પુરૂષ
છ ખુણાવાળાં=છ ખુણાના આકારના
પાળેછે=બજાવે છે.
જન્મ=જિંદગાની
રક્ષણ=બચાવ
ડંખ=ચટકો
પેસવા=દાખલ થવા
દયા=રહેમ

કવિતાના અર્થ

હુન્નર=કસબ; કારીગીરી

નિશાળ=ઠેકાણું.
મનોહર=મોહ પમાડનાર
રચે=બનાવે
તત્કાળ=તરત
ચૂસી=શોષી
સરે=થાય
ગુણ=ફાયદો; લાભ.
તમામ=બધુ
તજે=છોડી દે.
ઉદ્યોગી=મહેનતુ
પંકાય=વખણાય

સવાલ—મધપુડો કોણ બાંધે છે અને તે કયાં કયાં બાંધે છે? મધ કયાંથી લાવે છે? મીણ શેમાંથી બનાવે છે? મધપુડામાં કેટલી જાતની માખીઓ હોય છે અને તે કઇ કઇ? રાણીનું કામ શું છે? મધ-

પુડાનાં ખાનાં કેટલા ખુણાવાળા હોય છે? ખાનાં કેટલી જાતનાં હોય છે?
ઈંડાં કયાં ખાનામાં મૂકે છે અને તે કોણ મૂકે છે? મોટા ખાનામાં કયાં
ઈંડાં મૂકવામાં આવે છે? રાણી અને કામ કરનારી માખીમાં શો ફેર
હોય છે? કામ કરનારી માખીઓ શું શું કામ કરે છે? નર અને
માખીમાં શો ફેર હોય છે? નરને મારી નાખવાનું કારણ શું? મધ
અને મીણનો ઉપયોગ કહો. મધમાખી પરથી આપણે શું શિખામણ
લેવી?

પાઠ ૫૩ મો.

શેખ=મુસલમાનની એક જાત.
બતક=પાણીવાળી જગામાં રહેનારૂં પક્ષી.
પીછાં=પીંછ
ચીકટ=ચિકાશ
ભિંજાતું=પલળતું
નબળી=કમજોર
જોડાએલાં=સંધાએલાં
દાઢ=ચેવડા દાંત
અણીદાર=તીણી
ગળી જાય છે=ઉતારી દે છે
જાળવે=સાચવે; સંભાળે
ઢાંકી=છુપાવી.
બીકણ=બીએ એવો
ધસીને દોડે છે=હુમલો કરે છે.
માંજર=કલગી
દીપે છે=શોભે છે
ખોતરવાની=ખોદવાની
વ્હાણુંવાય=સવાર થાય

સવાલ--બતક કેવી જગામાં રહે છે? બતકનું શરીર કેમ
ભિંજાતું નથી? બતક શું ખાય છે? બતકની ચાંચ કેવી હોય છે?
બતકને પાંખ છે ત્યારે કેમ ઊડી શકતી નથી? બતકને કેટલા પગ
હોય છે? દરેક પગે કેટલાં આંગળાં હોય અને કયાં હોય છે? આપણે
પાણીપર ચાલી શકતા નથી અને બતક શા માટે ચાલી શકે છે?
બતક ખોરાકના કકડા કેમ કરી શકતી નથી? મરઘા અને બતકની
ચાંચમાં ફેર શું? મરઘા પાણી પર કેમ ચાલી શકતા નથી? મરઘી
છે કે મરઘો તે શી રીતે ઓળખી શકાય? મરઘાં શા માટે પાળતા
હશે? મરઘાં કોણ પાળે છે? મરઘો કયારે કયારે બોલે છે ને શું બોલે છે?

સાર—મરઘો બોલે છે તે પરથી સવાર ને બપોર સમજાય છે.

પાઠ ૫૪ મો.

કાબરી=કાબર ચીતરી.
રૂ=કપાસમાંથી કપાસીઆ કાઢી લીધા પછી જે રહે છે તે
તણખલાં=તરણાં
માળો=પક્ષીનું ઘર
ખુણેખોચરે=ખુણામાં
દરેક ફેરે=દરેક વખતે
ભુરા=આસમાની
ટપકાં=છોટ
લગી=સુધી
રઝળીને=રખડીને
ફાયદો=ગુણ
વાણી વીણીને=શોધી શોધીને
બો=બીક; ડર

સવાલ—ચકલીના શરીરના ભાગ ગણાવો. ચકલીની ચાંચ કેવી હોય છે ? ચકલી કેવા કેવા રંગની હોય છે ? ચકલીને એક એક પગે કેટલાં આંગળાં હોય અને તે કેવી રીતે હોય છે ? ચકલી ક્યાં રહે છે ? માળા શેનાં બનાવે છે ? ચકલી વરસમાં કેટલાવાર ઈંડાં મૂકે છે ? દરેક ફેરે કેટકેટલા ઇંડાં મૂકે છે ? ઈંડાંનો રંગ કેવો હોય છે ? ચકલી બચ્ચાંને ક્યાં સુધી ખવડાવે છે ? ચકલી શું શું ખાય છે ? ચકલી ખેડુતને શો ફાયદો કરે છે અને તે કેવી રીતે ? ચકલીને કોની કોની બીક હોય છે ? ચકલી ને ચકલો ઓળખવાની નિશાની શું ?

પાઠ ૫૫ મો.

દેખાવ=શોભા
ગરદન=ડોચી
કેશવાળી=ઘોડાની ગરદનપરના વાળ
જાંઘ=સાથળ
નક્કર=સંગીન
સપાટ=સરખી
લગામ=દોર
તીણા=ધારવાળા
ચપટા=બેઠેલા
ભુસું=થુલું
દાણા=અનાજ
મજલ=મુસાફરી; અંતર
પાણીદાર=જોરવાળી; ઝડપથી દોડનાર.
અરબી=અરબસ્તાની.
નીમકહલાલ=ખાય તેનું ભલું કરનાર; ધણીનું ભલું ચાહનાર
ધણી=માલિક
પ્રીતિ=હેત; પ્યાર
શરત=હોડ; હારજીત
ટટ્ટી=કામડાની વાડ
કુદાવે=ફલંગ મરાવે.
જીન=ચામડાનું પલાણ
સવારી કરે છે=બેસી મુસાફરી કરે છે.

સવાલ—ઘોડાની ગરદન પરના વાળને શું કહે છે ? કેશવાળી કોને કોને હોય છે ? ઘોડા સપાટ જમીનપર સપાટાબંધ દોડી શકવાનું કારણ શું ? એના કાન કેવા હોય છે ? લગામ ક્યાં ઘાલ છે ?

કયા દાંત વડે ખોરાક કાપે અને કયા વડે ચાવે છે? ઘોડો શું શું ખાય છે? નાળ શા માટે જડાવે છે? ઘોડાનો રંગ કેવો હોયછે? ઘોડાની કઇ કઇ જાતો છે? ઘોડામાં કયા કયા ગુણ છે? ઘોડો શા શા ઉપયોગમાં આવે છે? ઘોડો કેટલા વરસ સુધી જીવી શકે છે?

પાઠ ૫૬ મો.

શેઠ=સાહુકાર
નાળબંધ=નાળ જડનાર
ખરી=જનાવરના પગના તળીઆનું હાડકું.
ફેર=તફાવત
ઝુમખો=જથો
ખોંખારે=હણહણે
ભૂકવું=ગધેડાનું બોલવું
વલ્ખા કરે છે-ઉંચકી જાય છે.
અડીઅલ=અડી જાય એવું; જીદ્દી; હઠીલું
ઠોઠ=અક્કલ વગરનો
નવાઇ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવું
ધીરજવાળું=દુઃખ ખમનાર
કહ્યાગરૂ=કહ્યા પ્રમાણે ચાલનાર
ટટ્ટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડી ને ઘોડાના સંગમથી પેદા થએલો તે
વાળ=નિમાળા

ઘોડો ખચ્ચર અને ગધેડાનો મુકાબલો--ત્રણેને બે આંખ બે કાન, ડોકું, મોં માથું, પીઠ, પુછડું, અને ચાર પગ હોય છે. ત્રણેનું મોં લાંબું હોય છે. ત્રણેના શરીરપર ટુંકા વાળ છે. પગને તળીએ ગોળ દાબડા છે. ઘોડા અને ખચ્ચરની ડોકપર કેશવાળી હોય છે. ઘોડાને ખચ્ચરના પુછડાપર મોટા લાંબા વાળ આખે પુછડે હોય છે. ખચ્ચર ને ગધેડાના કાન લાંબા ને મોટા હોય છે. ગધેડા કરતાં ખચ્ચર મોટું, ને ખચ્ચર કરતાં ઘોડો મોટો હોય છે.

પાઠ ૫૭ મો.

ગોકળ ગાય=પરમેશ્વરની ગાય.
વાનાં=વસ્તુ
તફાવત=ફેર
ધડ=ખોચીથી પગ સુધીનો બધો ભાગ
ડોકું=ધડની ઉપરનો ભાગ
તાળવું=મોઢાની અંદરનો ઉપલો ભાગ
ભવાં=ભમર; આંખ ઉપરના કમાનદાર વાળ
પોપચું=આંખનું ઢાંકણુ
ખાળે છે=અટકાવે છે.
છેડો=નાકું
મૂળ=શરૂઆત
ગળું=ખોચીની પછવાડેનો ભાગ
વચલે ગાળે=વચ્ચોવચ
કેડ=કમ્મર
ઢીંચણ=ઘુંટણ

શરીર વિષે—શરીરના મુખ્ય બે ભાગ ડોકું ને ધડ છે. ડોકામાં માથું, (માથાનો ઉપરનો ભાગ ખોપરી કહેવાય છે તે પર વાળ ઊગે છે.) કપાળ, લમણાં, કાન, આંખ, નાક, મોઢું (મોઢાની અંદર જીભ, દાંત અને તાળવું છે.) ગાલ, ગળું, બોચી, દાઢી અને હડપચીછે. ધડમાં બે હાથ, ખભા, બગલ, છાતી, પેટ, ડુંટી, પેઢું, કેડ, વાંસો, બે પગ, જાંગ, ઢીંચણ, નળો, પાટલી, તળીઉં, એડી, અને ઘુંટી છે.

પાઠ ૫૮ મો.	ફીકર=ચિંતા	જ્ઞાન=સમજ
આકાર=ઘાટ	ધબાકો=અવાજો	

સવાલ—ઇંદ્રિય કોને કહેવી? ઇંદ્રિયો કેટલી છે ને તે કઇ કઇ? આંખ, કાન, નાક, જીભ અને ચામડીનો ઉપયોગ કહો. આંખ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. રંગ, આકાર અને ચળકાટ. હાથ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. ભારે કે હલકું; પોચું કે કઠણ; લીસું કે ખડબચડું, ટાઢું કે ઉનું. અને આકાર. નાક, કાન, અને જીભ વડે પદાર્થના કયા ગુણ જણાય? નાક વડે વાસ; કાન વડે અવાજ અથવા રણકો; જીભ વડે સ્વાદ.

પાઠ ૫૯ મો.	અને વાદળી રંગ	વાનું સુતરાઉ લુગડું,
રંગરેજ=રંગારો	ઝાંખા=તેજ વગરનાં	ગળીનો રંગ=કાળો રંગ
છુટ્ટી=રજા.	સેલાં=દોપટ્ટા	વત્તા=વધારે
મૂળરંગ=લાલ પીળો	સાલ્લો=બાયડીને પહેર-	ખુલતા=બહાર પડતાં

સવાલ—રંગરેજ શું કામ કરે? મૂળ રંગ ગણાવો. કીરમજી રંગ બનાવવાની રીત કહો. કીરમજી રંગથી કયા કયા લુગડાં રંગાય છે? કેસરીઓ રંગ શી રીતે બનાવવો? કેસરીઓ રંગ કહેવાનું કારણ શું? લીલો, નારંગી, તપખીરી અને કથ્થાઇ રંગ શી રીતે બનાવવો? ધોળા રંગમાં થોડો કાળો રંગ મેળવીએ તો કયો રંગ બને? ઝાંખો ભુરો રંગ શી રીતે બને? ખુલતો વાદળી રંગ બનાવો. ગુલાબી રંગ શું શું મેળવીને બનાવે છે? મૂળ રંગ પરથી બીજા રંગો શી રીતે બનાવે છે.?

પાઠ ૬૦ મો.	છીંટ=તરેહવાળું લુગડું.	ગરજ સારે છે=કામ કરે છે.
ઉઘાડો=નાગો; લુગડાં પહેર્યા વગર	જંગલી=સમજણ વગરના.	ભીંગડાં=જાડા પડ.
કાંતીને=તાર કાઢીને	છાલ=છોડું	જામદાની=ઝીણું બુટ્ટાદાર લુગડું.
વણેછે=બનાવે છે	રંગદાર=રંગવાળા,	બાસ્તો=સુતરાઉ કપડું
દોશીવાણીઓ = કાપડીઓ	ઢાંકણ=કવર	ખાદી=દોટી.
	રૂવાંટી=ઝીણા વાળ.	

સવાલ— લુગડાં પહેરવાથી શો ફાયદો ? ઊન એટલે શું? ઊનનું કયું કયું કાપડ બને ? ઘેટાને ટાઢ કેમ વાતી નથી ? ઊન સિવાય બીજા શેનાં લુગડાં બને છે ? રૂ કયાં થાય છે? રૂનાં લુગડાં શી રીતે બને ? રૂનાં કયાં કયાં લુગડાં થાય છે ? જંગલી લોકો ઊન અને રૂનાં લુગડાં પહેરતા નથી ત્યારે કેવાં લુગડાં પહેરે છે ? પશુ પક્ષીને લુગડાં પહેરવાની જરૂર શા માટે પડતી નથી.

કવિતાની સમજુતી.

કવિતા ૧ લી. પાઠ ૨ જો. સવારના પહોરમાં શું શું બને છે તેની હકીકત.

હે મારા વહાલા દીકરા તું ઊઠ. જંગલમાં પક્ષીઓ બોલે છે. રાત પુરી થઇ ને સવાર પડી. પૂર્વ દિશામાં સુરજ ઉગવાની તૈયારી થવાથી અજવાળુ થયું; તેથી જાત જાતના રંગો દેખાય છે, અને ઝાડનાં પાંદડાં હાલે છે. માટે હે મારા વહાલા દીકરા તું ઊઠ, જંગલમા પક્ષીઓ બોલે છે. (૧) મરઘા કુકરેકૂક કરે છે, અને કાગડા કા કા કરે છે; શોભના મેના પોપટ અને મોર મીઠા બોલ બોલે છે. (ટેક ૨) સુરજના ઊગવાથી ચંદ્રમાંનું અજવાળું ઝાંખું પડયુ, અને તારાનો પ્રકાશ દેખાતો બંધ થયો; મતલબ કે તારા દેખાતા નથી. તેથી ચોર લોકો ઝંખવાઇ ગયા અને સંતાઇ જવાને માટે ગલીકુંચી શોધે છે. (ટેક ૩) ભગત ઇશ્વરનું ધ્યાન ધરે છે. અને ગવૈયાઓ ગાયન ગાય છે; ઉદાર માણસો ઘણું દાન આપે છે. મુલ્લાંજી નિમાજ પઢવાને માટે બૂમ પાડે છે. (ટેક ૪) સુરજ ઉગ્યો તેથી રાતનું

અંધારૂં જતું રહ્યું; ભમરો ગું ગું અવાજ કરી રહ્યો છે, અને કમળના ફૂલની પાંખડીઓ ખીલે છે. (ટેક ૫) જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય છે મતલબ કે જેમ જેમ દિવસ ચઢતો જાય છે તેમ તેમ માણસો ધંધે વળગવાને માટે હોંસિલા બને છે; પક્ષીઓ આકાશમાં દોડે છે, અને ઢોરો ચારો શોધે છે. (ટેક ૬) ઝાડ, વેલા, ફળ અને ફૂલ એ બધા ભૂલ વગર ધીરે ધીરે ખીલે છે; ઘણાં પક્ષીઓ એકઠા થઇને તાજું અનાજ ખાવાને માટે જાય છે. (ટેક ૭) હે ભાઇ તું ખુશી થઇને પરમેશ્વરનું નામ દઇને ઊઠ અને મન દઇને પાઠ વાંચ. એમ મા પોતાના છોકરાને કહે છે (ટેક. ૮)

કવિતા ૨ જી. પાઠ ૫ મો. સોબત તેવી અસર.

જેને જેવી સોબત, તેને તેવીજ અસર થાય; જેને જેવી સોબત તેવોજ પ્યાર તેનામાં આવે. (૧) જેને જેવી સોબત તેનાં જેવાંજ તે કામ કરશે; જેને જેવી સોબત તેવીજ જગાએ ને જઇને ઉભો રહેશે. (૨) સારી સોબતથી સારો થશે, અને નઠારાની સોબતથી નઠારો થશે; સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે અને નશીબવાન થાય મતલબ કે સારા ગુણવાળા મહેતાજીના હાથ નીચે કેળવાય તો નસીબવાન થાય. (૩)

કવિતા ૩ જી. પાઠ ૧૦ મો ફરી ફરીને સારૂં કામ કરવા બાબત.

કરોળીઓ જાળ બનાવતાં ભોંયપર પડી જાય છે ત્યારે ગભરાય છે; અને વગર તૂટેલા (આખા) તાર ઉપર ચઢવાને માટે (ફરીથી) જાય છે, (૧) તેણે (કરોળીઆએ) તાર ઉપર ચઢવાને માટે મહેનત કરવા માંડી; પણ તરત તે નીચે પડયો અને ઉપર ચઢવાના કોઇ ઉપાયમાં ફાવ્યો નહિ, (૨) એવી રીતે (પડતો અને ચઢતો) ફરી ફરીને બે ત્રણ વાર મંડયો રહ્યો તોપણ તેમાં ફાવ્યો નહિ ત્યારે ફરીને ચઢવાને તૈયાર થયો.(૩) હિંમત રાખીને ઉમંગથી તે છઠ્ઠીવાર ચઢવાને મંડયો રહ્યો; તેણે ધીરજ રાખી તેથી તે નક્કી જાળામાં જઇ પહોંચ્યો. (૪) જો કરોળીઆએ ફરી ફરીને કાળજીથી મહેનત નહિ કરી હોત; તો પગ તળે ખુંદાઇને વગર મોતે મરી જાત. (૫)

એ પ્રમાણે (કરોળીઆની પેઠે) જે માણસો મનમાં કાળજી રાખીને, આળસ કાઢી નાખીને મહેનત કરે તો ઘણોજ ફાયદો મેળવે. સાર—સારૂં કામ ફરી ફરીને ઉમંગથી કરવું.

કવિતા ૪ થી. પાઠ ૧૫ મો. હળીમળીને રહેવા વિષે.

આપણે બંને જણ ભાઈ અને બેન મળી સંપીને (હળી મળીને) રમીએ તો સુખ થાય અને મજા પડે, પણ જો લડીને રમીએ તો ઘણી દીલગીરી થાય, આબરૂ ઓછી થાય, અને લોક નઠારૂં બોલે. (૧) હે ! જોરાવર બાપ પરમેશ્વર તું અમને હમેશાં સંપ આપ; (હળીમળીને રહેવાની બુદ્ધિ આપ.) જેથી કરીને અમારા દહાડા સુખમાં જાય અને કોઈ દિવસ જરા પણ કંકાસ થાય નહિ. (૨) છોકરાં હળીમળી રહેતા હોય અને કોઇ દિવસ કોઇ લડે કે રડે નહિ તેઓ હળીમળીને રમે, જમે અને ગીતો ગાય તો મા મનમાં ઘણી ખુશી થાય. (૩) સાર—ભાઇબેન સાથે હળી-સંપીને ચાલવું.

કવિતા ૫ મી. પાઠ ૧૭ મો. વગર વિચાર્યું ન કરવા બાબત.

જે માણસ વિચાર કર્યા વગર કામ કરે છે, તે પાછળથી દીલગીર થાય છે; જુઓ એવા (વગર વિચારનાં) કામ કરવાથી ઘણાના જીવ જાય છે. (મરી જાય છે.) (૧) સાર—ઉતાવળથી વગર વિચારે કામ કરવું નહિ.

કવિતા ૬ ઠ્ઠી. પાઠ ૨૫ મો. કુહાડી.

નાનો છોકરો બાપની કુહાડી લઇ જોરાવર ડાહ્યો મરદ બનીને ને કંઇ ચીજ જુએ તે ઘા મારીને કાપે, એમ રમતો રમતો ગામને પાદરે તળાવપર ગયો. (૧) ત્યાં (તળાવમાં) માછલાંએ જળ પાણી

હલાવ્યું, તેથી છોકરાએ પાણીની અંદર કંઇક જોયું, એટલે છોકરો મનમાં બીધો, તેથી કુહાડી પાણીમાં પડી ગઇ; તે વખતે તે બહુ ઘાંટા પાડીને રડયો. (૨) હંમેશાં પાણીમાં આમ તેમ ડોલ્યા કરતાં અને અંદર સમાઇ જતાં એવા દયાળુ દેવી માતા છોકરાનો અવાજ સાંભળીને (પાણી ઉપર) આવ્યાં, દેવી બોલી કે આ રૂપાની કુહાડી લે. પણ છોકરો કહે છે કે હે! માતા, મારી કુહાડી એવી નથી.(૩) બીજી વખત સોનાની કુહાડી લાવીને બતાવી ત્યારે માથું ધુણાવીને (ના કહીને) છોકરો કહે છે કે એ પણ મારી નથી. મને તો મારી કુહાડી ઘણી ગમે છે. માટે હે! દયાળુ માજી, તમે પાણીમાંથી મારી કુહાડી કાઢી આપો. (૪) દેવીએ કુહાડી કાઢી આપી અને છોકરા સાથે બોલ્યાં (છોકરાને કહ્યું) કે તને સુખ અને દોલત મળજો, અને પરમેશ્વર તારાપર મહેરબાની કરજો. મતલબ કે તારાપર પરમેશ્વરની મહેરબાની થજો. સાર—સાચું બોલવું.

કવિતા ૭ મી. પાઠ ૩૪ મો. પરમેશ્વરની મોટાઈ.

જગતના બનાવનારે (પરમેશ્વરે) આ દુનીઆમાં ઘણીજ સારી બનાવટ કરી છે, તેણે આ દુનીઆમાં નાના મોટા એમ ઘણી જાતના જીવો બનાવ્યા છે. (૧) તરેહવાર રંગના ખીલતા ફુલો, ગાયન ગાતાં પક્ષીઓ અને સારા રંગવડે શોભતાં ઝાડનાં પાંદડાં તથા પક્ષીની પાંખો તેણે બનાવ્યાં છે. (૨) વળી પરમેશ્વરે મોટાં મોટાં પહાડો, ભેખડો, દરીઆ, નદી, ઓવારા અથવા પહાડમાંથી જવા આવવાના રસ્તા, શહેર અને જંગલના રસ્તા વગેરેની આવી શોભિની બનાવટ બનાવી છે. (૩) શિઆળામાં ઠંડો પવન સારી ઠંડક આપે છે, અને ઉનાળામાં સુરજનો તાપ નક્કી ઘણો પડે છે. (૪) ચોમા-

સાની ઋતુમાં વરસાદ વરસે છે, ઝાડોપર ફળો લટકતાં દેખાય છે, અને મોરનો મીઠો અવાજ સંભળાય છે. (૫) અજવાળીઆમાં ચંદ્રનું અજવાળું આનંદ આપે છે, અને અંધારીઆમાં તારાના પ્રકાશનો રંગ શોભિતો દેખાય છે. (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટાં મેદાનો બનાવ્યાં છે, વળી પાણીમાંના વેલા અને તેનાં પાંદડાં કેવાં તરે છે! (૭) હે! પરમેશ્વર, તેં જોવાને માટે આંખ આપી છે, સાંભળવાને માટે કાન આપ્યા છે, અને બોલવાને માટે જીભ આપી એ સારૂં કર્યું છે. (૮) વળી દાંત આપ્યા તેની સાથે ખાવાનો ખોરાક આપીને આપણાપર બહુ ઉપકાર કર્યોછે; હે! પેદા કરનાર (પરમેશ્વર) તેં જે જુક્તિ કરી છે તે સમજી શકાય તેમ નથી. (૯)સાર– પરમેશ્વરે માણસ જાતના સુખને માટે દુનીઆમાં બધી વસ્તુઓ બનાવીછે, તેનો પાડ વાળવા માટે દરરોજ તેની ભક્તિ કરવી.

કવિતા ૮મી પાઠ ૩૫ મો. પાનખર ઋતુ (વસંત ઋતુમાં) શું શું બને છે તેની હકીકત)

મોટા વડના ઝાડ પર પથરાએલા વેલા તે જાણે તંબુ ઉભો કર્યો હોયની! એવું દેખાય છે. તંબુપર જેમ ધજા વાવટા ફરકતા હોય તેમ કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ તે ધજા ને વાવટા જેવાં જણાય છે. (૧) ઝાડનાં પીળાં અને પાકાં પાંદડાં હોય તે ખરીને જમીનપર પડે છે, પછી ઝાડને નવાં પાંદડાં આવે છે તેથી ઝાડ શોભિતાં દેખાય છે. (૨) વસંત ઋતુમાં જુનાં પાંદડાં પાકાં થવાથી ખરી પડે છે અને તેને બદલે નવાં પાંદડાં ફુટી નીકળે છે, કોયલ મધુર શબ્દ બોલે છે; તીતર કબુતર, અને બીજાં ઘણાં પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે. (૩) લોકો કેસુડાંના ફૂલનો (કેસુડો) રંગ ઘોળીને હોળી રમે છે, એટલે

રંગની એક બીજા પર પીચકારી મારે છે, બાગમાં ફુઆરા ઉડાડે છે, અને બજારો તથા ચોકમાં પાણી છાંટે છે. મતલબ કે પાણીનો છંટકાવ કરે છે. (૪) ભમરાઓ ગું ગું અવાજ કરે છે, અને ઝાડો પર તરેહવાર ઘણા રંગો દેખાય છે; આંબા ઉપર મોર આવવાથી તે શોભે છે, અને ચોતરફ ચાંદની શોભી રહે છે. (૫) માણસો લહેજતથી (ખુશીથી) શિખંડ ખાય છે, અને ઠંડું પાણી પીએ છે; પશ્ચિમ અને દક્ષિણ તરફના પવનથી શરીર સુખી રહે છે. (પશ્ચિમ અને દક્ષિણમાં દરીઆ હોવાથી પવન ઠંડો આવે છે.)

કવિતા ૯ મી. પાઠ ૪૭ મો. ખેડુત વિષે.


અરે! ખેતી કરનાર, તું ખરેખર જગતનો બાપ ગણાયો છે. કારણ કે તું ખેતી કરે છે તેથી બધા પ્રાણીને ખોરાક મળે છે, તેથી આ આખી દુનીઆનું પોષણ કરનાર પણ તુંજ જણાય છે. (૧) તું કપાસ, ફળ, ફૂલ ઘાસ અને અનાજ પકવે છે, તોજ બધાં પ્રાણીઓ અનાજ ખાય છે અને માણસો ખુશીથી કપડાં પહેરે છે, (૨) તું વરસાદ ને તડકા વેઠે છે અને વળી ઘણી મહેનત કરે છે, તેથી તું શરીરે જબરો બને છે અને હંમેશાં સંતોષથી ફરે છે એટલે સંતોષી રહે છે. (૩) ખેતી નક્કી સૌથી સારી છે, વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે; તું કાળજીથી ખેતી કરે છે અને જગતને સારી શિખામણ આપે છે, કે તમે મારી પેઠે મહેનત કરશો તો જબરા, સંતોષી અને પારકાનું ભલું કરનારા થશો. (૪) કહેવત છે કે "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, નફ્ફટ. નોકરી, નિદાન ભિખ; એટલું ન આવડે તો દલાલી કરતાં શીખ."

કવિતા ૧૦ મી. પાઠ ૫૨ મો. મધમાખી વિષે.

હે! મધમાખી, તું મહેનતુ છે, અને વળી કારીગરીની નિશાળ છે; (કારીગરીની નિશાળ કહેવાનું કારણ એ કે મધપુડાના

ખાના જેવી કારીગરી માણુસથી પણ બરાબર થઇ શકે નહિ.) મનને મોહ પમાડે એવો મધપુડો બનાવે છે, અને તરતજ તેમાં રસ મૂકે છે. (૧) મીઠું મધ ચૂશી લઇને તું મીણ બનાવે છે, તેથી (મધ અને મીણથી) ઘણાં કામ થાય છે અને તે ઘણોજ ફાયદો કરે છે. (૨) તું નાનું સરખું જીવડું છે, પણ મોટું (ઉપયોગી) કામ કરતું જણાય છે, વળી તું ડાહીને ચોકખી દેખાય છે, જેથી તારૂં જોઇને બધા ડાહ્યા માણસો આળસ છોડી દે છે. (૩) કીડી, કરોળીઆ અને મંકોડા વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે, તેમાં પણ તુંજ વખણાય છે. મતલબ કે એ બધાં જીવડાં કરતાં તું વધારે મહેનત કરે છે. સાર—માણુસે ઉદ્યોગી ને હુન્નરી થવું.

ભૂગોળની શરૂઆત.



દિશા–(સ. ૧) દિશા કેટલી છે ? ઉ. ચાર (સ. ૨) દિશાના નામ દો. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ. (સ. ૩) દિશા શા ઉપરથી જાણી શકશો ? ઉ. સુરજ ઉપરથી (સ. ૪) સુરજપરથી દિશા ઓળખવાખ રીત બોલો. ઉ. જે દિશામાં સુરજ ઉગે તે પૂર્વ; આથમે તે પશ્ચિમ; સુરજ સામું મોં કરી ઉભા રહેવાથી ડાબા હાથ તરફ ઉત્તર અને જમણા હાથ તરફ દક્ષિણ. (સ. ૫) સુરજ બીલકુલ ન દેખાય તો શા વડે દિશા પારખશો ? ઉ. ધ્રુવના તારા ઉપરથી. (સ. ૬) ધ્રુવના તારા ઉપરથી દિશા જાણવાની રીત બોલો. ઉ. ધ્રુવનો તારો હંમેશાં ઉત્તર દિશામાં ઊગે છે માટે એ તારા તરફની ઉત્તર, તેને સામેની દક્ષિણ; જમણા હાથપર પૂર્વ ને ડાબા હાથપર પશ્ચિમ. (પ. ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને માટે બીજું સાધન છે ? ઉ. હોકાયંત્ર. (પ. ૮) હોકાયંત્રપરથી કઇ દિશા જાણી શકાય ? ઉ. ઉત્તર દિશા. (એની સોય હંમેશાં ઉત્તર દિશા પર રહે છે) (સ. ૯) દિશા જાણવાથી શું ફાયદો ? ઉ. ફલાણી જગાપરથી ફલાણી જગા કઇ દિશાએ અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઇ દિશામાં આવે તે માલમ પડે છે . (સ. ૧૦) નકશાની દિશા શી રીતે જણાવી ? ઉ. નકશા સામું મોં કરી ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર; પગ તરફની દક્ષિણ, જમણા હાથ તરફની પૂર્વ, અને ડાબા હાથ તરફની પશ્ચિમ. સૂચના—ચિત્રમાં નકશાની દિશા બતાવી છે.

ખુણા- (પ્ર. ૧) ખુણા કેટલા છે? ઉ. ચાર. (પ્ર. ૨) ખુણાના નામ બોલો. ઉ. અગ્નિ, નૈઋર્ત્ય, વાયવ્ય, ઇશાન. (પ્ર. ૩) ખુણા પારખવાની રીત બોલો. ઉ. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ. દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈઋર્ત્ય, પશ્ચિમ ને ઉત્તર વચ્ચે વાયવ્ય અને ઉત્તર ને પૂર્વ વચ્ચે ઇશાન.

રાજકીય ભૂગોળ.

મહેસુલી ખાતું- (પ્ર. ૧) મહેસુલીખાતું શું કામ કરે છે? ઉ. જમીનની મહેસુલ ઉઘરાવી તેનો હિસાબ રાખે છે. (પ્ર. ૨) ગામની મહેસુલ ઉઘરાવનારને શું કહે છે? ઉ. તલાટી. (પ્ર. ૩) તલાટીને મદદ કરનાર કોણ હોય છે? ઉ. મુખી. (પ્ર. ૪) તલાટી અને મુખીના ઉપરીને શું કહે છે? મામલતદાર. (પ્ર. ૫) મામલતદાર માજીસ્ટ્રેટ ક્યારે કહેવાય? ઉ. ઇન્સાફનું કામ કરે ત્યારે (પ્ર. ૬) મામલતદાર પર કોણ દેખરેખ રાખે છે? ઉ. આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટી કલેકટર. (પ્ર. ૭) આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટી કલેકટરના ઉપરીને શું કહે છે? ઉ. કલેક્ટર, (પ્ર. ૮) કલેકટર શું કામ કરે છે? ઉ. મહેસુલી, પોલીસ, મ્યુનિસિપાલ. ઇસ્પિતાલ, બાંધકામ વગેરે ખાતાપર દેખદેખ રાખે છે. (પ્ર. ૯) કલેકટર ઇન્સાફનું કામ કરે ત્યારે એ ક્યા અધિકારી કહેવાય? ઉ. ડિસ્ટ્રિકટ માજિસ્ટ્રેટ (પ્ર. ૧૦) કલેકટરને પોલિટિકલ એજંટ ક્યારે કહે છે? ઉ. જ્યારે દેશી રાજ્યો સંબંધી કામકાજપર દેખરેખ રાખવાનું કામ કરે ત્યારે

પોલીસ ખાતું—(પ્ર, ૧) પોલીસખાતું શું કામ કરે છે? ઉ. લોકોના જાનમાલનું રક્ષણ કરે છે. (પ્ર. ૨) ગામડામાં પોલીસ અધિકારી કોણ હોય છે? ઉ, પોલીસ પટેલ, મુખી. (પ્ર. ૩) તાલુકાના પોલીસના ઉપરીને શું કહે છે? ઉ. ફોજદાર. (પ્ર ૪) ફોજદારપર કોણ દેખરેખ રાખે છે? ઉ. ડિસ્ટ્રિકટ પોલીસ ઇન્સ્પેકટર (પ્ર. ૫. ફોજદાર અને ડિસ્ટ્રિકટ પોલીસ ઇન્સ્પેકટરના ઉપરીને શું કહે છે? ઉ. પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ.

દિવાની ખાતું—(પ્ર, ૧) દિવાની ખાતું શું કામ કરે છે?

રૂ. લેણદેણનો ઇન્સાફ કરે છે. (પ્ર. ૨) શહેરના રૂ. ૫૦૦ની અંદરના લેણદેણનો ઇન્સાફ કરનારી કઇ કોર્ટ છે અને તેના ઉપરીને શું કહે છે? ઉ. સ્મોલકોઝકોર્ટ અને તેના ઉપરીને સ્મોલકોઝ જજ કહે છે? (પ્ર. ૩) તાલુકામાં લેણદેણનો ઇન્સાફ કરવાને કઇ કોર્ટ છે? અને તેના ઉપરીને શું કહે છે? ઉ સેકન્ડ કલાસ સબજજ કોર્ટ અને તેના ઉપરીને સબજજ [મુનસફ) સાહેબ કહે છે. (પ્ર. ૪) શહેરમાં સબજજ કોર્ટો કેટલી છે? ઉ. ફર્સ્ટકલાસ અને સેકન્ડકલાસ. (પ્ર ૫) જિલ્લામાં ઇન્સાફ કરનાર મુખ્ય અધિકારી કોણ છે ને તે શું કામ કરે છે? ઉ ડિસ્ટ્રિકટજજ તેઓ લેણદેણ સંબંધી ભારે દાવા ચુકવે છે. (પ્ર. ૬) ડિસ્ટ્રિકટ જજના હાથ નીચે એ ખાતાના કયા કયા અધિકારી છે? ઉ. સ્માલકોઝ જડજ ને સબજજ.

વૈદક ખાતું—(પ્ર. ૧) વૈદક ખાતું શું કામ કરે છે? ઉ માંદા માણસની માવજત કરે છે તથા તેમને દવા વગેરે આપે છે. (પ્ર. ૨) મોટા તાલુકાઓમાં વૈદક અધિકારી કોણ હોય છે? ઉ. હોસ્પિતાલ આસિસ્ટંટો. (પ્ર. ૩) હોસ્પિતાલ આસિસ્ટંટના હાથ નીચે કોણ હોય છે? ઉ. કંપાઉન્ડર (દવા આપનાર) (પ્ર. ૪) હોસ્પિતાલ આસિસ્ટંટના ઉપરી કોણ અને તેઓ કયાં રહે છે? ઉ. સીવીલ સર્જન, તે જિલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

જાહેર બાંધકામ ખાતું—(પ્ર. ૧) જાહેર બાંધકામખાતું શું શું કામ કરે છે? ઉ. સરકારી મકાનો, રસ્તા, પૂલો અને સડકો વગેરે બાંધે છે, તેમજ સમરાવે છે. (પ્ર. ૨) એ ખાતા તરફથી તાલુકામાં કોણ હોય છે? ઉ. ઓવરસીઅર. (પ્ર. ૩) ઓવરસીઅરના ઉપરીને શું કહે છે? ઉ. એક્ઝિકયુટિવ ઈજનેર.

કેળવણી ખાતું—(પ્ર. ૧) આસિસ્ટંટ માસ્તરના ઉપરીને શું કહે છે? ઉ. મહેતાજી. (પ્ર. ૨) નિશાળોની તપાસ રાખવા માટે જિલ્લામાં કોણ છે? ઉ. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર. (પ્ર. ૩) ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરને મદદ કરનાર કોણ? ઉ. આસિ. ડે એ. ઇન્સ્પેકટરો અને તાલુકાના માસ્તરો.

મ્યુનિસિપાલ ખાતું—(પ્ર. ૧) મ્યુનિસિપાલિટી શું શુ કામ કરે છે? ઉ. રસ્તા સાફ રાખવાનું, દીવાબત્તી સળગાવવાનું, સડકોપર પાણી છાંટવાનું, લોકોની સુખાકારી સાંભળવાનું, શરૂઆતની કેળવણી આપવાનું, વગેરે. (પ્ર. ૨) મ્યુનિસિપાલીટીનો ખરચ શાથી નભે છે? ઉ. જકાત, બાજરૂવેરો, ઘરવેરો, ગાડીવેરો, નળવેરો, વગેરેથી. (પ્ર. ૩) મ્યુનિસિપાલીટી કયા ગામમાં હોય અને કયા ગામમાં ન હોય? ઉ. પાંચ હજાર કરતાં વધારે વસ્તી હોય ત્યાં મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યાં ન હોય. (પ્ર. ૪) મ્યુનિસિપાલીટીનો કારભાર કોણ ચલાવે છે? ઉ. સરકાર તરફથી નીમાયલા અને પ્રજા તરફથી ચુંટી કઢાયલા સભાસદો. (પ્ર. ૫) એ સભાસદો શા નામથી ઓળખાય છે? ઉ. કમિશનર. (પ્ર. ૬) મ્યુનિસિપાલીટીમાં સૌથી ઉપરી કોણ અને તેને મદદ કરવાને કોણ કોણ હોય છે? ઉ. પ્રેસીડન્ટ અને તેને મદદ કરવાને ચીફ ઓફીસર, આસિસ્ટંટ સેક્રેટરી, ઇન્સ્પેકટર ને કારકુનો વગેરે.

લોકલફંડ ખાતું—(પ્ર. ૧) લોકલફંડ ખાતું શું શું કામ કરે છે? ઉ. કુવા, તળાવ, રસ્તા, વગેરે બંધાવવાનું, તથા સમરાવવાનું તથા કેળવણી આપવાનુ. (પ્ર. ૨) લોકલફંડ ખાતાનો ખરચ શી રીતે ચાલે છે? ઉ. સરકાર જમીન ઉપર જે મહેસુલ લે

છે તે ઉપર દર રૂપીએ એક આનો લોકલફંડનો વધારે લે છે તેમાંથી ચાલે છે. (પ્ર. ૩) લોકલફંડનો વહીવટ કરનાર મંડળને શું કહે છે? ઉ. લોકલબોર્ડ. (પ્ર. ૪) લોકલફંડનો હિસાબ રાખનાર અધિકારીને શું કહે છે ? ઉ. લોકલફંડ કલાર્ક.

પોસ્ટ ખાતું—(પ્ર. ૧) પોસ્ટખાતું શું કામ કરે છે ? ઉ. કાગળો, બેંગીઓ, પારસલો તથા પૈસા એક ગામથી બીજે ગામ લઇ જવા લાવવાનું તથા પૈસા સાચવી તેનું વ્યાજ આપવાનું કામ કરે છે. (પ્ર. ૨) પોસ્ટ ઓફિસના ઉપરીને શું કહે છે ? ઉ. પોસ્ટ માસ્તર. (પ્ર. ૩) પોસ્ટમાસ્તરને મદદ કરનાર કોણ કોણ હોય છે? ઉ. ડેપ્યુટી પોસ્ટ માસ્તર, કારકુન, સિપાઇ, ટપાલી.

પરચુરણ--ઉપર સિવાય તારખાતું, જંગલખાતું, સરવૈખાતું, એગ્રિકલચર ખાતું, આબકારી ખાતું, કસ્ટમ ખાતું, નીમક ખાતું, શીતળા ખાતું, રજીસ્ટર ખાતું વગેરે ઘણાં ખાતાં છે.

સ્થાનિક પેદાશ—ગામમાં કે શહેરમાં કે જિલ્લામાં મુખ્ય પાક થતો હોય તે

પરદેશ જતી ચીજો—જે વસ્તુની નીપજ ઘણી થાય તે વસ્તુ પરદેશ જતી ચીજોમાં ગણવી.

પરદેશથી આવતી ચીજો—ગામ શહેર કે જિલ્લા પ્રમાણે લોખંડ કામ; કાચ, કાપડ, ઇમારતી લાકડાં વગેરે આવતી ચીજો ગણવી.

વ્યાખ્યા

શેરી—સામસામી ઘરોની હાર હોય તે.

મહોલ્લો—ઘણી શેરી મળીને થએલો ભાગ.

પરૂં-શહેરનો પાછળથી વધેલો ભાગ.

ગામ—ઘણાં ઘરની વસ્તી અને નાનાં ઘરો હોય તે.

કસ્બો—તાલુકાનું સૌથી મોટું ગામ. જેમાં ૫૦૦૦ કરતાં વધારે
માણસની વસ્તી હોય તે.

શહેર—સારાં મોટાં બજારો, છોબંધ અને હારબંધ ઘણાં ઘરો હોય તે.

તાલુકો—ઘણાં ગામો મળીને થએલો ભાગ, જે મામલતદારના
તાબામાં હોય છે તે.

જિલ્લો—કલેકટરના તાબાનો મુલક કે જેમાં ઘણા તાલુકા આવેલા
હોય છે તે.

બંદર—નદી કે દરીઆ કાંઠે આવેલું શહેર કે જ્યાંથી ઘણો માલ
વહાણ મારફતે આવ જાવ થતો હોય તે.

એજન્સિ—દેશી રાજાનો મુલક કે જે પોલિટિકલ એજંટના તાબામા
હોય છે તે.

પોલિટિકલ એજંટ—દેશી રાજ્યપર દેખરેખ રાખનાર અધિકારી.

તળાવ—જેની ચારે બાજુ જમીન ને વચ્ચેમાં પાણી હોય તે.

બેટ—જેની ચારે બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે.

પહાડ—જે ઘણાજ ઉંચા તથા લાંબા પહોળા ટેકરા મળી
થએલો હોય તે.

નદી—મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળીને
નિચાણ જગાપર થઇ મોટી નદી અથવા દરીઆને મળે છે તે.

સમુદ્ર—ખારા પાણીનો ભાગ, આગબોટ વગેરેનો માલ લાવવા લઇ
જવાનો ધોરી રસ્તો, કે નદીને મળવાનું ઠેકાણું.

મીઠબંદર—મીઠું પકવવાને મુકરર કરેલી જગ્યા.

હવાખાવાનું ઠેકાણું—જે જગાપર ખારી ને ખુલી હવા. હોય

અથવા ડુંગરાવાળી જગ્યા કે જ્યાં ચોક્ખી ને ટંડી હવા આવે તે.

તીર્થસ્થળ—(જાત્રાના ઠેકાણાં) કે જેનું મહાત્મ ઘણે દૂર સુધી જણાતું હોય ને પુષ્કળ જાત્રાળુ આવતા હોય તે જગ્યા.

ડ્રિલ માટે આપેલી સૂચના પહેલી ચોપડીના અર્થમાં જુઓ.

ડમ્બેલ્સની ડ્રિલ

દરેક રમત ૧૧ સુધી કરાવી બારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મુકાવી દેવડાવવા.

હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલવાનો

રમત ૧૧ મી. ૧) જમણો હાથ ઉંચો. ૨) જમણા હાથની મુટ્ઠી મોં તરફથી લઇ ફેરવીને જમણો હાથ ઉંચો રાખવો.

રમત. ૧૨ મી. ૧) ડાબો હાથ ઉંચો. ૨) ડાબા હાથની મુટ્ઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

રમત. ૧૩ મી. ૧) જમણો હાથ ઉંચો. ૨) જમણો હાથ માથા પાછળથી લેઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત. ૧૪ મી. ૧) ડાબો હાથ ઉંચો. ૨) ડાબો હાથ માથા પાછળથી લઈ ફેરવી ઉંચો રાખવો.

રમત. ૧૫ મી. બેઉ હાથ ઉંચા રાખવા. ૧) જમણા હાથની મુટ્ઠી મોં તરફથી લઇ ફેરવીને જમણો હાથ ઉંચો રાખવો. ૨) ડાબા હાથની મુટ્ઠી મોં તરફથી લઈ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

રમત. ૧૬ મી. બેઉ હાથ ઉંચા રાખવા. ૧) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો ૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત. ૧૭ મી. બેઉ હાથ ઉંચા. ૧) જમણો હાથ માથા ઉપરથી

મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. ૨) ડાબો હાથ માથા-
ઉપરથી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત. ૧૮ મી. ૧) બેઉ હાથ સામા લાંબા મુઠીઓ જમીન તરફ.
૨) બેઉ હાથ બગલ આગળ લાવવા કોણીઓ પાછલી તરફ.

રમત. ૧૯ મી. ૧) બેઉ હાથ સામા લાંબા મુઠીઓ જમીન તરફ
૨) હાથ પાછળ લાંબા. મુઠીઓ આકાશ તરફ.

રમત. ૨૦ મી બે પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું. ૧) બેઉ
હાથ ઉંચા. ૨) બેઉ હાથ પગનાં આંગળાં આગળ.

પાઠવાર જોડાક્ષર તથા અઘરા શબ્દો.

પરમેશ્વર	વર્દેમાર્ગુ	ભક્તિ	ધર્મશાળા	પૃથ્વી
બતાવ્યું	બાંધ્યું	ચંદ્રમા	સરજ્યાં	ચંદ્ર
ધ્યાન	રહ્યો	પ્રભુ	પર્વ	શ્રાવણ
વસ્ત્ર	ત્રીસ	ચૈત્ર	કાઢયો	દ્રાક્ષ
રસ્તે	મળ્યો	ચાલ્યાં	પિત્તળ	લક્કડ
દોસ્ત	ભાગ્યશાળી	કુક્કડ	સજ્જડ	પ્રેમ
ડાહ્યા	કહ્યું	પૂછ્યું	ત્રણે	મહીના
ઝાલ્યો	વિદ્યા	મસ્તી	પુત્ર	શીખ્યો
વિચાર્યું.	ચઢયું	પહોંચાડયો	માર્યો	જક્કી
બચ્યું	પ્રાણી	અજાણ્યું	સમજાવ્યું	ઊંઘ્યાં
ફાવ્યો	પહોંચ્યું	માંડયું	આણ્યું	પસ્તાયો
મુદ્દલ	ઊઠયો	કર્યો	પહેર્યો	ભીડયો

છટ્ઠી	યત્ન	ચકભિલ્લુ	ચક્કર	કચ્છ
પ્રમાણે	ઠર્યા	કિલ્લો	ઊઠાડયો	૬૭
મિત્ર	બોલ્યો	જામ્યો	પાળ્યું	અર્ધું
ધાન્ય	ભાગ્યું	દોડયો	દાબ્યો	કલેશ
કટ્ટા	ભાંગ્યો	રામચંદ્રજી	શ્રીરામ	કૌશલ્યા
પ્રધાન	જંત્ર	દર્પણ	નિંદે	ઇચ્છા
ધર્યા	માર્યા	ગણકાર્યું	સર્વ	વળ્યું
મંગાવ્યા	ગુસ્સો	વિદ્યાર્થી	મૂર્ખ	ભક્ત
ઇશ્વર	નાખ્યું	માર્યો	પસ્તાઇ	ગાર્ડ
કેળવ્યો	સ્ટેશન	સોંપ્યો	પાળ્યો	નવાડયો
ત્રીજાએ	જણાવ્યું	બ્રાહ્મણ	ફેંકયું	સાંભળ્યો
ચોકખું	જડયું	ગુમાવ્યું	ઉચકયો	ખુલ્લુ
બગાડયું	ડર્યો	નિહાળ્યું	હલાવ્યું	ભુખ્યા
લજવ્યું	વળ્યું	ઝાલ્યું	ભર્યા	ભટ્ઠી
રડયુ ખડયું	આપકર્મી	બાપકર્મી	પ્રાર્થના	તીર્થ
દુશ્મન	પરણાવ્યો	છોડયું	મધ્યમાં	લશ્કર
ફેંકયો	ભેટયો	ચર્યો	ફુલાવ્યું	હંમેશાં
ભૂલ્યો	પ્રજતો	પૂજે	પહેર્યા	સ્ત્રી
જડયો	પુષ્કળ	સરજાવ્યાં	સૂર્ય	પલ્લવ
સ્હાય	વનસ્પતિ	પશ્ચિમ	ઉત્તર	માસ્તર
સ્લેટ	વિજયા	ભૂસી	વચ્ચે	શીખ્યો

મૂક્રાવ્યું	ક્યારડા	વર્ગ	વળ્યાં	લલ્લુ
ઇશ્વરલાલ	બતાવ્યું	બંદોબસ્ત	ડાક્તર	ખેડયું
લક્ષ્મણ	નિર્દય	છિદ્રો	સિક્કા	અત્તર
ઊગ્યું	ગુચ્છો	ટહુ	ઉત્તમ	અન્ન
કુક્કર	તત્કાળ	ઉદ્યોગી	વસ્તુ	પ્રીતિ
ટક્કી	નક્કર	સ્વાદ	છુટ્ટી	વત્તા
બાસ્તો	કરાવ્યાં	ગવૈયા	તિથિ	પખવાડીઆં
સરૈયા	નિશાન	અટકચાળાં	ઓસડવેસડ	શિકારી
અભાગીઉ	વિઆય	ગોંધતો	રિસાળ	ઢોંગ
ભાગ્યે	પાટલુનં	અનંત	નિરધાર	ભૂલથાપ
ટપોટપ	પેંતરા	બહાદુરી	ગેડીદડા	કુટુંબ
સોહામણી	અંગેઠી	ઢીંગલી	સહીઅરો	સંતાપ
વિવાહ	નિંદે	ખેંચતાણ	બળવંત	ઝોડઝાપડ
માદળીઉ	ધંતરમંતર	ભાંગીતૂટી	કચરોપુંજો	હુંફાળું
સરનામું	સિસોટી	મિનિટ	સંદેશો	ઢીમણું
દોરડું	હિંચોળે	ફરજંદ	નીમણુક	ચીતરામણ
હોશિયાર	ઢેકા	કિનારે	દાનત	ગોળમટોળ
ચટાપટા	શિખામણ	સંપત	ખૂબસુરત	બરદાસ
દુઃખ	ખડખડાટ	દુબળા	સંકટ	પારખી
શીંગડાં	જરદી	ધગધગતી	સિંહ	પિઅેર
ટાંકણું	ઓચીંતી	રાજઘાટ	પ્રમાણે	તડંગધુમ

ચઢાઉ	ઉપરાંત	સાહુકાર	તળાવડી	શેઢો
ખંતીલા	અંગુઠીઆં	ઢુકડું	જગપતિ	મહિમા
સરિતા	સિંધુ	વિશાળ	માતેલા	વિશેષ
દિશા	કસરતશાળા	આથમણી	દક્ષિણ	ફુટપટી
ખુરસી	નિચાણ	અધિકારી	હુંડી	સેકન્ડ
જંતુ	વિષે	કોથળો	કથરોટ	ચપ્પુ
તાંબાકુંડી	ટંકશાળ	તાંબુ	ચળકાટ	મજાગરાં
શિરોઈ	થાળી	લોટા	ખુજળી	સુપડા
ઝીંઝવો	ધુપેલ	સુંવાળી	તમાકુ	સુગંધ
પાંદડાં	સળંગ	સેંકડો	રાતડીઆ	મહીકાંઠા
ઢેબરાં	હળપુણી	ધુસરી	સંતોષ	કૌવત
કોઢ	ભોંય	અથાણું	ચટણી	ફૂલ
પાકટ	વેંત	તાવડા	શિઆળવાં	હિસાબ
સફેત	ઘઉં	રક્ષણ	મધપુડો	ઇંડાં
આળસુ	જીવડાં	ચીકટ	ભિખારી	ભિંજાતું
દાઢ	આંગળાં	નિશાળ	ખુણેખોચરે	નુકસાન
દાબડો	નીમકહલાલ	સુંવાળા	ભુસું	શરત
નાળબંધ	અડીઅલ	ગધેડું	ભૂંકે	પુછડી
સુરજ	સાંઠા	સંબંધી	ઠેકડા	ઉદેસીંગ

સમાપ્ત.